PRGI No. 6489

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 6, Year: 71, September 2026, Pages: 52, Price Rs. 7.00



## મિચ્છામિ દુક્કડમ્

આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

॥ શ્રી પરમાત્માય નમઃ ॥

## શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી ના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨ / ૦૯૮૨૫૪ ૧૪૪૭૦

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ. સ. ૧૯૦૬ રજી નં. - ૧૭૪૪

Tust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

**પ્રફુલ અમીચંદ ઝવેરી**

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
સેન્ટ્રલ સિનેમાની પાછળ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ઓફીસ ફોન : ૨૩૮૭ ૮૪૭૬
મોબાઈલ : ૯૮૨૦૦ ૭૮૭૭૨

## ૦૧ એપ્રિલ ૨૦૨૫ થી ૩૧ માર્ચ ૨૦૨૬ (૧૨ - મહિના) માં કરેલ કાર્યની યાદી

મોટા જીવો / નાના જીવો
તથા
બકરીને અભયદાન - ૨૫૪૯

ઘાસચારો - ૮૩૮૪૦ કિલો
ગોળ - ૩૬૯૦ કિલો

| | | |
|---|---|---|
| Bank Name | : | AXIS BANK LTD. |
| A/c. Name | : | JIVDAYA FUND |
| A/c. No. | : | 921010033621820 |
| IFSC | : | UTIB0002274 |
| Branch | : | Charni Rd, Mumbai |

| | | |
|---|---|---|
| Bank Name | : | BANK OF INDIA |
| A/c. Name | : | JIVDAYA FUND |
| A/c. No. | : | 000120100001219 |
| IFSC | : | BKID0000001 |
| Branch | : | (Mumbai Main Br.) |

SCAN QR CODE FOR PAY

**દાન એજ સફળ જીવન**

લી. ટ્રસ્ટીગણ

પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

Advt.

## પ્રમુખશ્રીની કલમેથી...



**જય જીનેન્દ્ર,**

**રાષ્ટ્ર, પરિવાર અને ધર્મ**

આ મહિનો એટલે ઝરમર વરસતા વરસાદની ઋતુ, મોરના ટહુકાનો આનંદ અને દરેક ભારતમાતાના સુપુત્રના હૃદયમાં દેશભક્તિના જોમ અને જોશથી રાષ્ટ્ર દિવસની ઉજવણી કરવાનો અવસર.

આ સાથે જ ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ અને અતૂટ બંધનનું પ્રતીક એવા રક્ષાબંધનનો પાવન પર્વ પણ આપણે ખૂબ જ લાગણી અને ઉત્સાહથી ઉજવીએ છીએ.

અને જ્યારે આ રાષ્ટ્રપ્રેમ તથા પારિવારિક પ્રેમની સાથે આપણે ધાર્મિક ભાવનાથી ધર્મ, ધ્યાન અને આત્મચિંતન કરીએ છીએ, ત્યારે જીવનના ત્રણ મહત્વના આધાર-રાષ્ટ્ર, પરિવાર અને ધર્મ-સાચા અર્થમાં સાર્થક બને છે.

રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ, પરિવાર પ્રત્યે લાગણી અને ધર્મ પ્રત્યેશ્રદ્ધા- આ ત્રણેયનું સુંદર સંયોજન જ આપણા જીવનને સાચી દિશા અને પૂર્ણતા આપે છે.અને, જ્યારે આપ સૌને આ પત્રિકા મળશે ત્યાં સુધીમાં, પવિત્ર પર્યુષણ પર્વનો પણ પ્રારંભ થઈ ચૂક્યો હશે.

પર્યુષણ એ આત્મચિંતન અને આત્મશુદ્ધિનો પવિત્ર સમય છે. આ દિવસોમાં આપણે ઉપવાસ, તપ અને સાધના દ્વારા આપણા મનને શાંત કરીએ છીએ અને આપણા વિચારો તથા હૃદયને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. ભૂતકાળની ભૂલોનું ચિંતન કરી, મનમાં રહેલા અહંકાર, રાગ-દ્વેષ અને નકારાત્મક ભાવોને દૂર કરી આત્માની નજીક જવાનો આ સુંદર અવસર છે.

આ પવિત્ર પ્રસંગે હું મારા અંતરથી સૌને **''મિચ્છામિ દુક્કડમ્''** કહું છું. મારા દ્વારા જાણતાં-અજાણતાં, મનથી, વાણીથી કે કર્મથી કોઈને પણ દુ:ખ પહોંચ્યું હોય, કોઈ ભૂલ થઈ હોય કે કોઈનું દિલ દુભાવ્યું હોય તો હું હૃદયપૂર્વક ક્ષમા માગું છું.

આ ઓગસ્ટ મહિનો આપણા ઝાલાવાડી સમાજ માટે અનેક સુંદર અને યાદગાર પ્રવૃત્તિઓથી ભરપૂર રહ્યો.

બીજી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ મલાડ મિત્ર મંડળ દ્વારા એજ્યુકેશન લોન યોજનાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ યોજનાના માધ્યમથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે લોન મળી શકશે. આ યોજનાની શરૂઆત મલાડમાં પણ થઈ તે અંગે મને ખૂબ આનંદ થયો. ખાસ આનંદની વાત એ છે કે મલાડમાં જ અનેક સમાજબંધુઓએ આ ઉમદા કાર્ય માટે ઉદારતાથી દાન આપ્યું છે. સમાજના વિદ્યાર્થીઓ માટે આવા ઉમદા કાર્ય માટે મલાડ મિત્ર મંડળ ધન્યવાદને પાત્ર છે.

આજ દિવસે નાલાસોપારામાં ૧૫૪ ઝાલાવાડી સભ્યોએ સામૂહિક સામાયિક કરી. પ.પૂ. કેવળમુનિ મહારાજ અને પ.પૂ. મણિલાલજી મહારાજની પુણ્યતિથિના નિમિત્તે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સમાપન નવકારશી અને પ્રભાવના સાથે કરવામાં આવ્યું. નાલાસોપારા ઉપાશ્રયમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજી ધર્મ પ્રભાવના કરવા બદલ સ્થાનિક સભ્યોનો તેમજ સર્વે કાર્યકરોનો હૃદયપૂર્વક આભાર આભાર....

૧૪ ઓગસ્ટ, શુક્રવારે તમામ ટ્રસ્ટીઓ અને કમિટી સભ્યો પૂજ્ય નમ્રમુનિ મહારાજ સાહેબના દર્શને જઈ ગુરુવંદના કરી. આ પાવન પ્રસંગે પૂજ્ય નમ્રમુનિ મહારાજ સાહેબે અમને આશીર્વાદ વચન આપતાં જણાવ્યું કે, ''તમે સૌ તમારા ઝાલાવાડી સમાજ માટે ખૂબ જ ઉમદા કાર્ય કરી રહ્યા છો. આ જ રીતે સમાજની સેવા કરતા રહો. મારા આશીર્વાદ હંમેશાં તમારી સાથે છે.''

પૂજ્યશ્રીના આ આશીર્વાદ અને પ્રેરણાના શબ્દોએ અમને સમાજસેવાના કાર્યોમાં વધુ ઉત્સાહ અને શક્તિ આપી.

**માનવતા અને નિખાલસતાના બે અદભુત પ્રસંગો**

હું અને શ્રી પ્રવીણભાઈ, શ્રી અભયભાઈ યશવંતભાઈ દાદભાવાળાને તેમની ઓફિસમાં મળવા ગયા હતા. વાતચીત દરમિયાન તેમણે પ્રેમથી કહ્યું,''મને કોઈ પ્રોજેક્ટ બતાવો.'' ત્યારે અમે અમારી એક ઇચ્છા તેમની સમક્ષ વ્યક્ત કરી કે આપણા સમાજના સભ્યો માટે **દરિયા કિનારે એક સુંદર સેનેટોરિયમ** બનાવવાની ઈચ્છા છે, અમારી ભાવના છે કે શ્રીમતી આરતીબેન અભયભાઈ દાદભાવાળા પરીવારને સેનેટોરિયમના મુખ્ય દાતાશ્રી તરીકે નામ આપો. આ વાત

સાંભળી થોડા વિચાર વિનિમય કરીને શ્રી અભયભાઈએ સંમતિ દર્શાવી. ત્યારે શ્રી પ્રવિણભાઈએ જણાવ્યું કે મુખ્ય દાતાશ્રીના નામ તરીકે રૂા. બે કરોડ આ પ્રકલ્પ માટે આપવાના રહેશે, તરતજ અભયભાઈએ પોતાની સંમતી દર્શાવી અને બે કરોડ ના માતબર અનુદાન આપવાનું વચન આપ્યું.

આવો જ બીજો અદભુત પ્રસંગ પરિવાર સેતુના આમંત્રણ માટે શ્રી નિશીતભાઈ પાનાચંદભાઈ તુરખીયા સાથે ફોન પર વાત કરતી વખતે બન્યો. વાતચીત દરમિયાન તેમણે પોતે જ જણાવ્યું કે તેઓ સમાજ માટે ડોનેશન આપવા ઈચ્છે છે. અને વાત પૂરી થાય તે પહેલાં જ તેમણે ત્રણેય સેનેટોરિયમમાં એક-એક ફ્લોર તેમના નામે આપવા માટે રૂા. ૨૯ લાખનું દાન જાહેર કર્યું.

આ છે તેમની કુનેહ, ઉદારતા અને નિખાલસતા-કે માત્ર ફોન પરની વાતચીતમાં જ આટલું મોટું દાન સમાજને અર્પણ કરી દીધું !

આવા દાતાશ્રીઓ આપણા સમાજની સાચી તાકાત છે. તેમની ઉદારતા માત્ર આર્થિક સહયોગ નથી, પરંતુ સમાજસેવા માટેની પ્રેરણા છે. તેમના જેવા સેવાભાવી લોકોના સહકારથી જ આપણે આવનારી પેઢી માટે વધુ સુંદર અને મજબૂત સમાજનું નિર્માણ કરી શકીશું.

આવા મહાન દાતાશ્રીઓને હૃદયપૂર્વક વંદન અને ખૂબ ખૂબ અભિનંદન.

આ મહિનાનો સૌથી મોટો અને વિશેષ કાર્યક્રમ હતો **''પરિવાર સેતુ''**, જે ૨૨ ઓગસ્ટ, શનિવારે યોજાયો. આપણા ઝાલાવાડી સમાજના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો એકસાથે મળ્યા અને એકબીજા સાથે પરિચય કેળવ્યો. શ્રી પ્રવીણભાઈએ સૌનું હાર્દિક સ્વાગત કર્યું. ત્યારબાદ મેં સમાજના ભવિષ્યના આયોજન અને યોજનાઓ વિશે માહિતી આપી અને ખાસ કરીને નવી પેઢીને આ પ્રોજેક્ટમાં સક્રિય રીતે જોડાવાની જરૂરિયાત સમજાવી.

શ્રીમતી કાજલ ઓઝા વૈદ્યએ **''પરિવાર સેતુ''** સુંદર અને હૃદયસ્પર્શી પરિચય આપ્યો. લગભગ ૧૫૦ પરિવારોએ ખૂબ જ શાંતિપૂર્વક અને રસપૂર્વક તેમનું માર્ગદર્શન સાંભળ્યું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પરિવારને વધુ નજીક લાવવાનો અને નવી પેઢીને સમાજ સાથે જોડવાનો છે.

કેન્સર પેશન્ટ ઈન્ક્વાયરી અંગે પણ પૂછપરછ આવી રહી છે અને જરૂરિયાતમંદોને તેની પ્રક્રિયા કેવી રીતે કરવી તે અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

આ ઉપરાંત **"Members' Legal & Tax Corner"** શ્રી મહેન્દ્રભાઈ તુરખિયાના માર્ગદર્શન હેઠળ, સભ્યોમાં ખૂબ જ લોકપ્રિય બની રહ્યો છે. સભ્યો તેમાં રસ લઈ રહ્યા છે અને વિવિધ કાનૂની તથા કર સંબંધિત પ્રશ્નો પણ પૂછી રહ્યા છે.

**હવે આપણા ભવિષ્યના આયોજન તરફ...**

આપણા સમાજને વધુ મજબૂત, સંગઠિત અને આધુનિક બનાવવા માટે અનેક નવા પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. ખાસ કરીને યુવા પેઢીને સમાજ સાથે જોડવી, પરિવાર વચ્ચે સંવાદ અને સંબંધો મજબૂત કરવા, શિક્ષણને પ્રોત્સાહન આપવા અને સભ્યોને જરૂરી માર્ગદર્શન પૂરુ પાડવું-આપણા આગામી આયોજનના મુખ્ય ઉદ્દેશો રહેશે.

**આપણી દીકરીઓ, આપણી સભ્ય – એક નવો સંબંધ**

**પરણેલી દીકરીઓને પણ સમાજ સાથે જોડવાનો પ્રયાસ**

દીકરી લગ્ન પછી ભલે બીજા પરિવારમાં જાય, પરંતુ પોતાના પિયર પરિવાર અને સમાજ સાથેનો તેનો લાગણીસભર સંબંધ ક્યારેય સમાપ્ત થતો નથી.

આ જ ભાવનાને ધ્યાનમાં રાખીને પરણેલી દીકરીઓને પણ ઝાલાવાડી સભાનું સભ્યપદ આપી સમાજની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલી રાખવાનો સુંદર પ્રયાસ કરવામાં આવશે.

આ પહેલ માત્ર સભ્યપદ વધારવાનો પ્રયાસ નથી, પરંતુ દીકરીઓને પ્રેમથી કહેવાનો સંદેશ છે - ''દીકરી, તું આજે પણ અમારા ઝાલાવાડી સમાજનો જ એક અભિન્ન હિસ્સો છે.'' વધુ વિગત પાના નં. ૧૦૫ર આપેલ છે.

આપ સૌના સહકાર, સૂચનો અને સક્રિય ભાગીદારીથી આપણે આપણા ઝાલાવાડી સમાજને વધુ મજબૂત અને પ્રગતિશીલ બનાવી શકીશું.

આ પર્યુષણ પર્વ આપણા સૌના જીવનમાં શાંતિ, ક્ષમા, કરુણા અને આત્મજાગૃતિ લઈને આવે તેવી હાર્દિક શુભેચ્છા.

**મિચ્છામિ દુક્કડમ્**

**પંકજ સંઘવી**
ટ્રસ્ટી અને પ્રમુખ
શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

શ્રી નિશિતભાઇ પાનાચંદભાઇ તુરખીયા પરિવારના સૌજન્યથી..

**રુપિયા ૨૯ લાખની** જાજરમાન સખાવત..

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા - મુંબઇના લોનાવાલા, પંચગીની તથા દરિયા કીનારે આકાર લેનાર આગામી સેનેટોરિયમના પ્રકલ્પ અર્થે.. એમ ૩ સેનેટોરિયમ માટે ૩ ફ્લોરનું યોગદાન આપવાનું વચન તુરખીયા પરિવારે આપેલ છે..



સ્વ. ટ્રસ્ટીશ્રી પાનાચંદભાઇ ડી. તુરખીયા
સ્વ. કંચનબેન પી. તુરખીયા



શ્રી નિશિતભાઇ પી. તુરખીયા
શ્રીમતી આરતીબેન એન. તુરખીયા

મૂળ સુરેન્દ્ર નગર હાલ માટુંગા -મુંબઈ

: લોનાવાલા :
શ્રીમતી કંચનબેન પાનાચંદભાઇ ડુંગરશીભાઇ તુરખીયા હસ્તે.. શ્રીમતી આરતીબેન, રુચિબેન, સંયમભાઇ તથા નિયમભાઇ તુરખીયાના સૌજન્યથી..

: પંચગીની :
શ્રી નિશિતભાઇ પાનાચંદભાઇ તુરખીયા હસ્તે.. સંયમભાઇ, પલકબેન, આગમ તથા અર્હમ તુરખીયાના સૌજન્યથી..

દરિયા કીનારે આકાર લેનાર આગામી પ્રકલ્પ માટે..
શ્રીમતી આરતીબેન નિશિતભાઇ તુરખીયા.. હસ્તે.. નિયમભાઇ, નિકીતાબેન તથા સાઇરાના સૌજન્યથી..



TURAKHIA DIAMONDS - Mumbai • PRISM GOLD - Dubai




100% વેજ

Hotel GAUTAM

બુકિંગ માટે સંપર્ક :

- Mumbai - Tel.: (022) 28839236 / 8229.
  Mob.: +91 8108839236 / 9224002400
- Mahabaleshwar - Tel: (02168) 260588
- Lonavala - Mob.: - +91 9167091570
- Pune - Mob.: +91 9028585409
- Goa - Tel.: (0832) 2416363
- E-mail : hotelgautam@hotmail.com
- Website : www.hotelgautam.com






અમારી રિસોર્ટ મહાબળેશ્વર અને લોનાવાલામાં પણ છે.

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા-મુંબઈ
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

સપ્ટેમ્બર ૨૦૨૬
વર્ષ : ૭૧ : : અંક : ૬

: તંત્રી :
શ્રી શરદભાઈ મનમોહનદાસ ગાંધી

માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા-મુંબઈ

: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવિણભાઈ ગંભીરચંદ શાહ

: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ-૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪
Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : ભાવિન એસ. ગાંધી
રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ-૪૦૦૦૧૧. ફોન:૯૮૬૭૫૪૦૫૨૪

: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/-+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/-
છૂટક નકલ રૂા. ૭/-

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧-૦૦ થી સાંજના ૭-૦૦


*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*



**અમે માનવ છીએ.**
**અસંખ્ય પ્રયત્નો છતાં,**
**ભૂલ ને પાત્ર છીએ.**
**કોઈપણ ક્ષણે,**
**મન, વચન, હૃદય કે કાયાથી**
**અમારાથી થયેલી ભૂલ બદલ**
**આપ સર્વેની વ્યક્તિગત**
**ક્ષમા ચાહીએ છીએ.**

# મિચ્છામિ દુક્કડમ્

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા - મુંબઈ**
**ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન**
**ક્ષમાભિલાષી**
**પ્રવિણભાઈ ગંભીરચંદ શાહ**
ટ્રસ્ટી - ચેરમેન
**સમગ્ર ટ્રસ્ટીગણ - હોદ્દેદારો - તંત્રી**
**તથા કારોબારી સભ્યો**

# મનુષ્યનું આયુષ્ય ૧૦૦ વર્ષનું કેમ ?

જાગૃતિ ચંદે



મનુષ્ય લગભગ ૧૦૦ વર્ષનું જીવન જીવે છે. એમ કહેવાય છે. તેમાં કોઈ વળી ૧૦૦ વર્ષથી વધારે જીવે અને કોઈ તેનાથી ઓછું પણ જીવે. અંદાજે ૧૦૦ વર્ષનું આયુષ્ય મનુષ્ય ભોગવે છે એમ કહી શકાય. કોઈ, એ ૧૦૦ વર્ષમાં ઘણું જીવી જાય એટલે ઘણા આનંદથી જીંદગી જીવી જાય, પરંતુ કોઈ, તો જાણે ક્યારે જિંદગી પૂરી થાય તેની જ રાહ જોતા હોય.

જીવન ઉપર ઘણી બધી વ્યાખ્યાઓ લખાઈ છે, ઘણા બધા ગીતો લખાયા છે. મન્ના ડેનું ગાયેલું પેલું ગીત છે ને 'જિંદગી... કૈસી હૈ પહેલી હાયે... કભી તો હસાયે... કભી તો રૂલાયે...' ઘણાં લોકોની જિંદગી એકદમ નીરસ હોય છે, તો ઘણાની ખાટા-મીઠાં રસથી ભરપૂર. એવું પણ ગીત છે ને ''એ જીના હૈ... અંગૂર કા દાના... ખટ્ટા-મીઠા...''

હા, તો મનુષ્યનું આયુષ્ય ૧૦૦ વર્ષનું કેમ ? અને બીજા બધા પશુ-પક્ષીઓનું ઘણું ઓછું એવું કેમ ?

એક વખત બ્રહ્માજી જ્યારે આયુષ્યની વહેંચણી કરતા હતા, ત્યારે તેમની પાસે મનુષ્ય, ગધેડો, કૂતરો અને ઘુવડ એમ ચાર જણ મળ્યા. બ્રહ્માજીએ બધાને ૪૦-૪૦ વર્ષની આવરદા આપી.

ગધેડો કહે મારે તો ભાર ઉંચકીને મજૂરી કરવાની છે. ૪૦ વર્ષ હું શું કરીશ ? મને માત્ર ૨૦ વર્ષનું આયુષ્ય આપો. હું એમાં જ ખુશ છું અને મનુષ્ય તો આમ પણ અસંતોષી જીવ. તે કહે મને ૪૦ વર્ષ ઓછા લાગે છે. ત્યારે બ્રહ્માજીએ ગધેડાના ભાગના ૨૦ વર્ષ મનુષ્યને આપ્યા. ત્યારે પછી કૂતરાનો વારો આવ્યો. કૂતરો કહે બ્રહ્માજી મારે પણ ૪૦ વર્ષ વધારે લાગે છે. મારે એટલું લાંબુ આયુષ્ય ફેંકેલો રોટલા ખાઈને નથી કાઢવું. મને પણ ૨૦ વર્ષ જ આપો. ફરી પાછો અસંતોષી જીવ મનુષ્ય કહે કૂતરાના ભાગના ૨૦ વર્ષ પણ મને આપી દો. બ્રહ્માજી કહે ઠીક છે. તો મનુષ્યના પોતાના ૪૦ અને ગધેડા અને કૂતરાના ૨૦-૨૦ મળીને ૮૦ વર્ષનું આયુષ્ય થઈ ગયું. તેમાં વળી ઘુવડ કહે અરે બ્રહ્માજી મારે પણ આંધળા થઈને આટલુ બધુ નથી જીવવું. મને પણ જલ્દી મુક્તિ મળી જાય એવું કરો. મારા ભાગના ૨૦ વર્ષ પણ મનુષ્યને આપી દો. અંતોષી મનુષ્ય તો ખુશ થઈ ગયો.

> સૌ કોઈને સ્નેહપૂર્વક સમજવાનો પ્રયત્ન કરવો. તે જ્ઞાન, સૌ કોઈ પ્રત્યે જ્ઞાનપૂર્વકની ચાહના રાખવી તે પ્રેમ, અને સૌ કોઈની જ્ઞાન અને પ્રેમપૂર્વકની સેવા કરવી તે ક્રિયા કહેવાય છે, આ ત્રણેનો જીવનમાં ઉપયોગ કરવો તે બોધાભ્યાસ.

હવે મનુષ્યના પોતાના ૪૦ વર્ષ, ગધેડાના ૨૦ વર્ષ, ઘુવડનાં ૨૦ વર્ષ અને કૂતરાના ૨૦ વર્ષ એમ બધા મળીને ૧૦૦ વર્ષ આયુષ્યના થયા.

મનુષ્ય ૪૦ વર્ષ તો બહુ સરસ રીતે જીવી જાય છે. ભણવું-ગણવું, પછી પરણવું. હરવું-ફરવું અને ત્યાર પછી સંઘર્ષ ચાલુ થાય. છોકરા-છોકરી મોટા થયા હોય. તેને ભણાવી-ગણાવી પરણાવવાની જવાબદારી મનુષ્યના માથે આવી જાય એટલે તો ૪૧ થી ૬૦ વર્ષ જે ગધેડાના ભાગના લીધા હતા તે ગધેડાની જેમ વૈતરૂ કરીને પસાર થાય. પછી ૬૦ વર્ષની ઉંમર થાય એટલે ઘરના ઉંબરે બેસીને વહુ, દીકરા, પૌત્ર બધાનાને પહેરો ભરવો પડે. જેવી રીતે કૂતરો પોતાના માલીકને વફાદાર થઈને ઉંબરે ઊભો રહીને ચોકી કરે તેવી રીતે. ૮૦ વર્ષ પૂરા થયા. પછીના છેલ્લી જીંદગીમાં આંખે મોતીયો આવી જાય. નજર એકદમ જ જતી રહે. રાત્રે ઉંઘ આવે નહિ એટલે ઘુવડની જેમ રાતે જાગવુ પડે.

આમ. બધાના ભાગનું આયુષ્ય લઈને મનુષ્ય પણ એ પ્રાણીઓના જેવું જ જીવન વીતાવે છે.

માનવ જીવનનું આ ચક્ર આ ગતિવિધિ આવી રીતે પૂરી થઈ જાય છે. માટે થનગનતી યુવાનીમાં સંતોષની સાથે ચારિત્ર્યરૂપી ધન સાચવીને મનુષ્ય સંયમી જીવન જીવી જાણે તો માનવી છેલ્લી ઘડી સુધી કાર્યરત રહીને શાંતિથી પરમાત્મામાં લીન થઈ શકે છે. ❖❖❖

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ • ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

# ''પરિવાર સેતુ''

## સભા દ્વારા આયોજીત આજ સુધીમાં ન યોજાયેલ એવું નવલું નજરાણું એટલે પરિવાર સેતુ નું આયોજન શનિવાર તા. ૨૨–૮–૨૦૨૬

સંકલન : શરદ એમ. ગાંધી

**પરિવાર સેતુ**ના પોગ્રામનું આયોજન ૨૨ ઓગસ્ટ સાંજે માણેક બેન્ક્વેટ હોલ, માનવ સેવા સંઘ-સાયન ખાતે યોજવામાં આવ્યું હતું. આમંત્રિત મહેમાનોનું સ્વાગત મીઠા આવકાર અને નાનકડી ભેટ સાથે કરવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆત સભા સંચાલિત માસિક પત્રિકાના પૂર્વ તંત્રી, **'પરિવાર સેતુ'** પ્રકલ્પના કન્વીનર તથા કાર્યક્રમના સંચાલક સંધ્યાબેન બિપિનભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું. મહામુલા નવકાર મંત્રનું પઠન કલાકાર સૌમ્યાબેને કર્યુ.

સભાના ચેરમેન શ્રી પ્રવિણભાઈ ગંભીરચંદ શાહનો પરિચય આપી સંધ્યાબેને તેમને પોતાનું મંતવ્ય રજુ કરવા આમંત્રણ આપ્યું. આમંત્રિત મહેમાનોનું હાર્દિક સ્વાગત કર્યું અને સભાની વિકાસયાત્રા વર્ણવી. સંધ્યાબેન શાહે પરિવાર સેતુના કાર્યક્રમનું પ્રયોજન સમજાવ્યું. શ્રી પ્રવિણભાઈ જેઓ પંકજભાઈના ગુરુ, શ્રી પ્રવિણભાઈને તો ૨૦૨૬ થી નિવૃત્તી જ લેવી હતી અને શ્રી પંકજભાઈને પ્રમુખ બનાવવા હતા, પરંતુ શિષ્યના સ્વરૂપે શ્રી પંકજભાઈ હતા, તેમણે માનવ સેવા સંઘમાં ટ્રસ્ટી તથા કારોબારી સભ્યોની મિટીંગમાં કહ્યું કે મારા ગુરુ મારા શિરતાજ, તાજ મુગુટ જેવા છે. મારા કોઈ પણ પ્રશ્ન હલ કરવા માટે યોગ્ય માર્ગદર્શન માટે મારે મારા ગુરુની જરૂર છે.

ત્યારબાદ સર્વાનુમતે શ્રી પ્રવિણભાઈ શાહને ચેરમેન અને શ્રી પંકજભાઈ સંઘવીને પ્રમુખપદે જાહેર કરવામાં આવ્યા. આ હતી ગુરુ-શિષ્યનો છેલ્લા ૩૦ વર્ષનો અખુટ અને અતુટ લાગણીભર્યો સંબંધ.

સભાના ચેરમેન શ્રી પ્રવિણભાઈ શાહને પોતાનું મંતવ્ય રજુ કરવા આમંત્રણ આપ્યું.

શ્રી પ્રવિણભાઈ શાહે સંબોધનમાં સભાનો ૧૯૦૩ થી જે પ્રગતિના સોપાનો સર કર્યા છે. તેનો ટુંકમાં પરિચય આપ્યો અને નવી પેઢીને આ પ્રગતિના પંથે આવવાનું આહ્વાન આપ્યું. તેમજ સભાની પ્રવૃત્તિઓમાં તન-મન-ધનથી સાથ સહકાર આપી સભાનું ભવિષ્ય ઉજ્વળ બનાવવા યુવાઓને આહ્વાન કર્યુ.

શ્રી પંકજભાઈએ સૌ પ્રથમ ગુરુ શ્રી પ્રવિણભાઈને નમન કરીને આશીર્વાદ માંગ્યા અને સભાના સભ્યોનો આભાર માન્યો. પ્રથમ સંધ્યાબેન શાહ જેઓ સભાની માસિક પત્રિકાના ૨૬ વર્ષ સુધી તંત્રી પદ શોભાવ્યુ અને હાલમાં છેલ્લા ૪ વર્ષથી શ્રી શરદભાઈ ગાંધી સંભાળી રહ્યા છે. તેમનો ખુબ ખુબ આભાર પ્રગટ કર્યો. પરિવાર સેતુના પોગ્રામના આયોજનનો મુખ્ય હેતુ સંક્ષિપ્તમાં સમજાવ્યો. આજે સભા પાસે ઓછામાં ઓછી ૧૦૦ કરોડની મિલ્કત છે. જેમાં લોનાવલા, દેવલાલી, પંચગીની, માથેરાન, સુરેન્દ્રનગર તથા લિંબડીમાં સભાનો સેનેટોરીયમ છે. ગત વર્ષે અંદાજીત ૨૫૦૦૦ કુટુંબોએ લાભ લીધો હતો અને હવે ૭મું સેનેટોરીયમ શ્રી પ્રવિણભાઈના સુચનને લક્ષમાં લઈ સભાના ઈતિહાસમાં સૌ પ્રથમ **દરિયા કિનારે સુંદર મજાનું સેનેટોરિયમ** બનાવવા માટે **શ્રીમતી આરતીબેન અભયભાઈ દાદભાવાળા પરીવાર** દ્વારા બે કરોડના અનુદાનના વચનો પ્રાપ્ત થયેલ છે. જેના માટે તિથલના દરિયા કિનારે અથવા દહાણું-ધોલવાડ નજીક દરિયા કિનારે જગ્યા લેવા કાર્યરત થઈ રહ્યા છીએ.

લોનાવલા, દેવલાલી તથા દરિયા કાંઠે નવનિર્મિત સેનેટોરિયમ માટે એક એક ફ્લોરને નામ આપવા માટે કુલ ૨૯ લાખ રૂપિયાના વચન પ્રાપ્ત થયેલ છે. **શ્રી પાનાચંદભાઈ ડુંગરશી તુરખીયા પરીવાર** હ. નિશિતભાઈ તથા આરતીબેન નિશીતભાઈ તુરખીયા પરિવાર.

બન્ને પરિવારોનો સભાવતી પ્રમુશ્રીએ ખુબ ખુબ આભાર માન્યો. અંતમાં સભાના સભ્યોને બિરદાવ્યા અને ભવિષ્યમાં હજુ સભાના પરિવારોને આ સેતુમાં જોડાવવા માટે આગ્રહભરી વિનંતી કરી.

સભાની માતબર પ્રવૃત્તીનો ઈતિહાસ ટુંકામાં ઝાંઝું કહી શ્રી પંકજભાઈએ રજુઆત કરી. બરાબર ૭.૩૦ કલાકે જેની આતુરતાથી રાહ જોવાની હતી, તેવા શ્રીમતી કાજલબેન ઓઝાને મંચસ્થ બોલાવી પ્રથમ તેનું સન્માન શ્રીમતી મનિષાબેન શાહ તથા શ્રીમતી શ્રુતીબેન શાહ દ્વારા મોમેન્ટો આપવામાં આવ્યો અને સંધ્યાબેને કાજલ બેનનો પરીચય આપી કાજલબેનને માઈક સોંપ્યુ.

શ્રીમતી કાજલબેન ઓઝાને જૈન કે જૈનેતર અથવા કહો ગુજરાતી રંગભુમી કે

ગુજરાતી સમાજ ન ઓળખતો હોય તેવું બને જ નહી. કાજલબેને સભાના વિષય પરિવાર સેતુ પર ખુબજ આહ્લાદાયક અને રસપ્રદ વાતો આજના જમાનાના સંયુક્ત અને વિભક્ત કુટુંબ વિશે ખુબજ સરળ ભાષામાં સમજાવ્યું. અને Gen Z ના પ્રમાણે વાસ્તવિક રીતે સમાજે બદલાવું જ પડશે. એવી મીઠી ટકોર પણ કરી. સભ્યોએ તેમને ભારોભાર તાળીઓના ગડગડાટ વચ્ચે વધાવી લીધું.

સંધ્યાબેને સભાના માનદ્ મંત્રી શ્રી અનિલભાઈ સંઘવીને આભારવિધી માટે આમંત્રણ આપ્યું.

શ્રી અનિલભાઈ સંઘવીએ પોતાની આગવી શૈલીમાં સભાના ટ્રસ્ટીશ્રીઓ, પદાધિકારીઓ, કારોબારી સભ્યોનો તેમજ શ્રીમતી સંધ્યાબેન શાહનો હૃદયપૂર્વક આભાર માન્યો. કાજલબેન ઓઝાનો વિશેષ આભાર પરિવાર સેતુ માટે સુંદર મઝાનું વક્તવ્ય સરળ ભાષામાં આપી આજના સળગતાં પ્રશ્નોને કેવી રીતે હલ કરવા તે સમજ આપી તે બદલ તથા સભાના સૌ સભ્યોનો હૃદયપૂર્વક આભાર માન્યો.

ત્યારબાદ પરિવાર સેતુમાં પધારેલ સર્વે મહાનુભાવો, આમંત્રિતો, સભાના સભ્યોએ પ્રિતીભોજનનો આનંદ માણ્યો અને ગમતાનો ગુલાલ કરી સૌએ સ્વગૃહ તરફ પ્રયાણ કર્યુ...

❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

## આપણી દીકરી 'આપણી સભ્ય' એક નવો સંબંધ DAUGHTER MEMBERSHIP

**મેમ્બરશિપ માટે ના નિયમો અને શરતોઃ**

અમને જણાવતા આનંદ થાય છે કે ઝાલાવાડી સભાએ સભ્યો ની પરણેલી દીકરીઓ માટે ઝાલાવાડી સભા નું સભ્યપદ નીચેના નિયમો અને શરતોને આધીન ચાલુ કરેલ છે.

(૧) ઝાલાવાડી સભા ના સભ્યની દીકરી કોઈ પણ જૈન / ગુજરાતી પરિવારની જેમ કે કાઠિયાવાડી, ઘોઘારી, દેરાવાસી, કચ્છી, મારવાડી જૈન, બ્રાહ્મણ, વૈષ્ણવ, પટેલ કે અન્ય ગુજરાતી પરિવારમાં પરણેલી હશે તોજ આ યોજના હેઠળ સભ્ય બની શકે છે.

(૧a) સિંધી ,પંજાબી, મરાઠી , ખ્રિસ્તી કે અન્ય નોન ગુજરાતી પરિવાર માં પરણેલી દીકરી સભ્ય બની શકશે નહીં.

(૨) પરણેલી દીકરી ચર્ચ ગેટ થી વિરાર અને કોલાબા થી કલ્યાણ તેમ જ નવી મુંબઈમાં રહેતી હોવી જોઈએ.

(૨a) બહારગામ પરણેલી દીકરી સભ્ય બની શકશે નહીં.

(૩) આ સભ્ય પદ આજીવન રહેશે. વાર્ષિક સભ્ય બની શકશે નહીં .

(૪) ગમે તે ઉંમર ની પરણેલી, વિધવા, ત્યક્તા, કે છૂટાછેડા લીધેલ દીકરી સભ્ય બની શકે છે.

(૫) પરણેલી દીકરી ના પતિ, સસરા, નણંદ, દિયર, જેઠ કે સંતાનો સભ્ય બની શકશે નહીં .

(૬) સભ્ય બનનાર પરણેલી દીકરી ના માતા/પિતા અથવા ભાઈ-બહેન ઝાલાવાડી સભા ના સભ્ય હોવા જરૂરી છે

(૭) સભ્ય બનનાર પરણેલી દીકરી ઝાલાવાડી સભાના સેનેટોરિયમ, લ્હાણું તેમજ આર્થિક સહાય, એજ્યુકેશન લોન /સહાય, મેડિકલ સહાય, મેડિકલેમ રાહત, નોટ બૂક, જેવી સુવિધાઓ સભ્ય ના ભાવે મેળવી શકે છે.

(૮) સભ્ય બનનાર પરણેલી દીકરી ને કોઈ પણ પ્રકાર નો વોટિંગ અધિકાર(right) રહેશે નહીં તેમ જ ઝાલાવાડી સભા ની ચૂંટણી માં ઊભા રહી શકશે નહીં અને AGM માં પણ હાજર રહી શકશે નહિં.

(૯) આજીવન સભ્ય પદ ની ફી Rs.૧૦,000/ +૧૮૦૦/ GST મળીને કુલ Rs.૧૧૮૦૦/ રહેશે

(૧૦) કોઈ પણ સભ્ય ની અરજી મંજૂર/નામંજૂર કરવાની સંપૂર્ણ સત્તા જે તે સમયની કારોબારી સમિતિ ની રહેશે અને કારોબારી સમિતિ નો નિર્ણય આખરી અને સર્વેને બંધન કર્તા રહેશે

(૧૧) આ સભ્ય પદ માટે ઓનલાઈન અરજી Zalawadi. com ઉપર કરવાની રહેશે

**વધુ વિગત માટે સંપર્કઃ**

**મુકેશભાઇ શાહ ચશ્માવાળા** — **૯૮૧૯૧ ૮૩૩૨૫**

**અશોકભાઈ તુરખીયા** — **૯૮૨૦૧૫૦૧૦૯**

# ઓળીપો

ઝવેરચંદ મેઘાણી



પરણીને આવી છે તે ઘડીથી રુપીને જંપ નથી. એને તો બસ એકડ રઢ લાગી ગઈ છે. બાપાદર ગામના આઘા આઘા ઓરિયામાંથી જ્યારે રુપી ધોળી માટીના થર ખોદી રહી હોય છે. ત્યારે એને ભાન નથી રહેતુ કે ઓરિયાની ભેખડમાં પોતે કેટલી ઊંડી ઊંડી ચાલી જાય છે. વટેમાર્ગુ જોતાં જોતાં ચેતવતાં જાય છે. ''રુપી, ભેખડ પડશે ને તુંને દાટી દેશે, હો બેટા !'' પણ રુપી તો મેરની દીકરી, એને તો આનાં ઘરખોરડાં આભલા જેવાં ઈંજળા કરવા છે. ઓરડામાં કમાનો વાળવી છે. દાણા ભરવાની મોટી મોટી કોઠીઓ ઘડીને તેના ઉપર નકશી કરવી છે. ગોખલા કંડારવા છે. ભીંત ઉપર ચિતરામણ આલ્ખવાં છે. રુપીને ઠાવકી, ચીકણી, માખણના પિંડા જેવી ધોળી માટી વગર કેમ ચાલે ?દટાઈ જાય તોયે શું ?

માટીના સૂંડલા પોતાને માથે મેલીને, મલપતા મલપતી, રુપી ચાલી આવે છે. ધોમધોખતા તાપમાં એનું રુપાળું મોં રાતુંચોળ થાતું આવે છે. મોતીનું સેર વીખરાણી હોય તેવાં પરસેવાનાં ટીપાં ટપકતાં આવે છે. કૂવાને કાંઠેય મેરાણીઓ મોઢાં મચકોડી વાત કરે છે.

''નભાઈ, આ તો નવી નવાઈની આવી છે ! કૂવામાં પાણી જ રે'વા દેતી નથી. કુણ જાણે અધરાતથી બેડાં તાણવા માંડે છે.'' નિસરણી ઉપર ચડીને રુપી જ્યારે પોતાના ઘરની પછી તને અને ઊંચા ઊંચા કરાને ઓળીપા કરે છે, ત્યારે પાડોશણો આશીર્વાદ દેતી જાય છે કે, 'વાલામૂઈ પડે તો ઠીક થાય ! ભૂખી -તરસી વહુને આખો દિવસ ઓળીપો કરતી નિહાળીને સાસુ-સસરો હેતાળ ઠપકો આપે છે કે, ''અરે રુપી, ખાધાનીયે ખબર ન પડે, બેટા ?'' એને માથે ચારે છેડે છૂટું ઓઢણું ઢળકે છે. એના ઘઉંવરણા ગાલ ઉપર ગોરમાટીના છાંટા થવાઈ ગયા છે. એના દેહના દાગીના ધૂળમાં રોળાણા છે. શરણાઈ-શી એના હાથની કળાઈઓ કોણી સુધી ગારામાં ગરકાવ છે. તોય રુપીનાં રુપ કાંઈ અછતાં રહે ? રુપીને વર નથુ રોટલો ખાવા આવે છે. એકલા બેસીને ખાવું એને ભાવતું નથી. ''રુપી !'' નથુ બહાર નીકળીને એને સાદ કરે છે : ''રુપી, આવડી બધી કેવાની અધીરાઈ આવી છે, ઘર શણગારવાની ? કાંઈ મરી બરી તો જાવાની નથ ના !'' ''લે, જો તો બાઈ ! નથુ કેવી વાણી કાઢી રિયો છે ! મેરની દીકરી ખોરડું ન શણગારે ત્યારે એનો જનમારો કાંઉ ખપનો, નથુ ?'' ''હે ભગવાન ! આ મેરની છોકરી તો નવી નવાઈની ! કવરાવ્યો મને ! ભગવાન કરે ને નિસરણી લસરે જાય !'' એટલું કહીને નથુ હસે છે.

''તો તો, પીટ્યા, તારે જ મારી ચાકરી કરવી પડશે. સાજી થાઉં તોયે તારા ખોળામાંથી ઊઠાં જ નહિ ને ! ખોટી ખોટી માંદી પડેને સૂતી જ રાં !'' રુપી અને એનો વર નથુ ખોરડાની પછી તે ઊભાં ઊભાં આવી મીઠડી વાતો કરીને અંતર ભરી લેતાં ને પેટ ભરવાની વાતો ભૂલી જતાં હતીં. ઈશ્વરે પોતાની વહુને થોડા જ સમયમાં ઘરની આવી મમતા લગાડી દીધેલી દેખીને નથુડો પોતાના અંતરમાં સ્વર્ગનું સુખ અનુભવી રહ્યો છે. નિસરણની ટોચે ઊભીને કરો લીંપતી સ્ત્રી જાણે આભની અટારીમાં ઊભેલી અપ્સરા હોય એવું એવું એને લાગ્યા કરતું. ગોરમટીનાં છાંટણાંમાં ભીંજાયેલી એ જુવાન મેરાણી નથુને મન તો કોઈ નવલખાં રત્ને મઢેલી જેવી દેકાતી, એના હૈયામાંથી ઉદ્ગાર નીકળી જતો કે, 'ઓહોહો ! બાપોદર ગૌમના જુવાનિયામાં મારા સરખો સુખી મેર બીજો કોઈ ન મળે.'

એમ કરતાં કરતાં અષાઢ ઊતરીને શ્રાવણ બેઠો. જોતજોતામાં તો બાપોદર ગામ હરિયાળી કુંજ જેવું બની ગયું. નદી અને નહેરાં છલોછલ હાલ્યાં જાય છે. ધરતીનાં ઢોરઢાંખર એ પંખીડા હરખમાં હિલોળા મારે ચે, ને રુપીયે વારતહેવાર રહેવા મંડી છે. સવાર પડે છે ને હાથમાં ચોકા-કંકાવટી લઈ રુપી બાપોદરનાં દેવસ્થાનો ગોતે છે. પીપળાને અને ગાયને ચાંદલા કરી કરી ચોખા ચડાવે છે, નાગદેવતાના રાફડા ઉપર દૂધ રેડે છે. રુપીને મન તે આ સૃષ્ટિ રળિયામણી હતી ! ઓહોહો ! શી રળિયામણી હતા !

શીતળા-સાતમ અને ગોકળ-આઠમના તહેવાર ઢૂકડા આવ્યા. સાતમ-આઠમ ઉપર તો મેરાણીઓ ગાંડીતૂર બને. પરણેલી જુવાનડીઓને પિયરથી તેડાં આવે. રુપીનેય માવતરથી સંદેસા આવ્યા કે, સાતમ કરવા વહેલી પહોંચજે. સાસુ-સસરાએ રાજીખુશીથી પોતાની લાડકવાયી વહુને મહિયર મહાલવાની રજા આપી. નવી જોડ લૂગડાં પહેરી, ઘરેણાંગાંઠાં ઠાંસી, સવા વાંભનો ચોરસ ચોટલો ગૂંથી, સેંથે હિગળો

પૂરીને આંકે કાજળ આંજી રુપી પિયર જવા નીકળી. માથે લૂગડાંની નાની બચકી લીધી. પરણ્યા પછી આજે પહેલી જ વાર નથુએ રુપીને એના ખરારુપમાં નીરખી, નથુ પાસે રુપી રજા લેવા ગઈ. નથુથી ન રહેવાયું: ''રુપી ! આ બધું પિયરિયામાં મા'લવા રાખે મૂક્યું તું ને ? 'નથુ ! નથુ !' બોલને તો ઓછી ઓછી જો જાછ ! તંઈ આ શણગાર તો નથુ માટે કોઈ દી નુતા સજ્યા !'' ''લે જો તો બાઈ ! આડું કાં બોલતો હઈશ, નથુ ! કામકાજ આડે મને વેશ કરવાની વેળા જ કે દી હુતી ? અને આજ પેયુ છે એય તારે જ કાજે ને ! તું હાલ્ય મારી હારે. મને કાંઈ ત્યાં એકલાં થોડું ગમશે ? એટલું બોલતાં તો રુપીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. ''અરે ગાંડી ! એમાં કોચવાઈ ગી ? અને મા-બાપની રજા વિના મારાથી અવાય ખરુ કે ?'' હું ફુઈને અને મામાને બેયને કેતી જાઉં છું ને ! તું જરૂર આવજે, હો ! તારા વન્યા મારી સાતમ નૈ સુધરે, હો નથુડા !'' એટલું કહીને રુપી સાસરા કને ગઈ. પોતાની તોછડી, મીઠી વાણીમાં મેરની કન્યાએ તુંકારો દઈને કાલું કાલું વેણ કહ્યું : ''મામા, નથુને ચોકસ મેલજે, હો ! નીકર મારી સાતમ નૈ સુધરે.'' સાસુને પગે પડીને રુપી બોલી ''ફૂઈ ! નથુને ચોકસ મેલજે, હો ! નીકર મારી સાતમ નૈ સુધરે.'' ''માડી મેલશું તો ખરાં, પણ તારાં માવતરનું સાચેખોટેય તેડું તો જોવે ને'' બુઢી સાસુએ જવાબ દીધો. અરે, કુઈ એનો ધોખો તું કરીશ નૈ. હું ત્યાં પહોંચ્યા ભેરી જ તેડું મોકલાવીશ ને ! એમ કહીને રુપી બચકું ઉપાડીને બહાર નીકળી - કેમ જાણે ફરી કોઈ દિવસે પાછું આવવાનું જ ન હોય એવી આંસુડેભરી આંખે ખોરડા સામે ટાંપી રહી. ખડકીમાંથી નીકળતાં પગ ભારે થઈ ગયા. છાનોમાનો નથુ પાદર સુધી વળાવવા ગયો.. છલંગો મારતી મૃગલી જાણે પાછું વાળીને જોતી, લાકડીના છેડા ઉપર ટેકવેલા નથુના ગરીબડા મોં સામે તાકતી ગઈ. એનો છેલ્લો બોલ એક જ હતો: ''નથુડા, આવજે હો ! નીકર મારી સાતમ નૈ સુધરે.''

આઘે આઘે રુપીના ઓઢણાનો છેડો પણ ઊડતો અલોપ થયે, ત્યારે એક નિસાસો મેલીને નથુ ગામમાં ગયો. કામકાજમાં એનું ચિત્ત પરોવાઈ ગયું. ''એક અરર ! માડી ! દીકરીને પીટયાંઓએ કામ કરાવે અધમૂઈ કરે નાખી. માથેથી મોડિયો ઉતાર્યા પહેલા તો મૂવા રાખહ જેવાંએ પાણીની હેલ્યું ખેંચાવવા માંડી.'' ''પણ, માડી, તને કહ્યું કુણે ?'' ''કુણે શું તારી પાડોશણુંએ. સવારથી સાંજ લગે દીકરીને ઓળીપામાં જ દાટેં દીધી, માડી ! આમ તે જો ! મોં માથે નૂરનો છાંટોય ન મળે. અને પદમ જેવી મારી રુપીની હથેળિયું તો જો - રોગી ઉતરડાઈ જ ગી.''

''માડી, તને કોઈ ભંભેરે ગું (ગયું) છે, હા ! અમારાં પાડોશી ભારી ઝેરીલા છે. તું કોઈનું માનીશ મા, હો ! અને તેં મને તેડું મોકલ્યું, તારેં નથુને કીમ ન તેડાવ્યો ? ઈ તો રિસાઈને બેઠો છે. ઝટ દેને ખેપિયો મેલ્ય.'' ''ચૂલામાં જાય તારો નથુડો ! મારે એ ભૂતને તેડાવવો જ નથ, અને લાખ વાતેંય તને પાછી ઈ ઘરને ઉંબરે ચડવા દેવી નથ. ગણાય મેર મળી રહેશે, એકની એક દીકરીને આખો જનમારો ઓળીપામાં નથ દાટેં દેવી !'' દડ ! દડ !દડ ! રુપીની કાળી કાળી બે મોટી આંખોમાંથી પાણી દડી પડયા. એના હૈયામાં ધ્રાસકો પડી ગયો. એનું બોલવું માવતરને ગળે ઊતરતું જ નથી, અદેખી પાડોશણોએ પિયરિયાંના કાનમાં નિંદાનું ઝેર રેડી દીધું હતું. રુપી શું બોલે, કોને સમજાવે ? સાસરિયાંનું સારું બોલનારી એ છોકરીને સહુએ શરમાળ ગુણિયલ અને આબરૂરખી ગણી હસી કાઢી. જેમ જેમ બોલતી ગઈ, તેમ તેમ સહુને એને માટે વધુ ને વધુ અનુકંપા ઊપજતી ગઈ. અબોલ બનીને એ છાનીમાની ઓરડાંમા બેસી ગઈ. રોવા જેટલું તો ત્યાં એકાંત પણ ક્યાંથી હોય ? રુપીનો બાપ બાપોદર ગયો. વેવાઈઓને વસમાં વેણ સંભળાવ્યાં. બિચારાં બુઢ્ઢા માવતર અને નથુ એ ત્રણે જણાંને તો ધરતી માર્ગ આપે તો સમાઈ જવા જેવું થઈ ગયું ત્રણેને એમ લાગ્યું કે, રુપીએ માવતરની આગળ પોતાનું દુ:ખ ગાયું હશે. રુપીના બાપે નથુને ગૂંજે થોડા રુપિયા ઘાલ્યા અને છૂટાછેડાનું લખણું કરાવી લીધું. તે દિવસના નથુના ઘરબારમાંથી રામ ઊડી ગયા. ધાનનો કોળિયો કોઈને ભાવતો નથી. નથુને મનસૂબા ઊપડે છે.

સારા સુખી ઘરનો એક જુવાન મેર ગોતીને માબાપે રુપીને નાતરુ કર્યું. રુપીને તો રુંવે રુંવે આગ ઊપડી, પણ ગભરુડી દીકરી માવતરની ધાક અને શરમમાં દબાઈ ગઈ. એની છાતી ઉપર કોઈ મોટી શિલા જાણે ચંપાઈ ગઈ. પિંજરમાં પુરાતી સારિકા થોડી વાર જે ચિચિયારી કરે કેમ રુપીએ વિલાપ કર્યો કે મને નથુ પાસ જાવા દિયો. મારે નાતરે નથ જાવું એનું કલ્પાંત કોઈએ ન સાંભળ્યું. એ મૂરખી છોકરીને માવતરે સુખનું થાનક ગોતી દઈ એના હાથ ઝાલ્યા અને ગાડે નાખી. રુપી કેમ કરીને રોવા માંડે ? ઘૂમટા વગર સ્ત્રી બિચારી પોતાનું રોણું સંતાડે શી રીતે ? મેરની દીકરીને ઘૂમટો ન હોય ચોથે દિવસે રુપી ભાગીને પાછી આવી અને ચીસ પાડી ઊઠી કે, ''નૈ જાઉં ! નૈ જાઉં ! મારા કટકા કરી નાખશો તોયે બીજે નહીં જાઉં. મને નથુ પાસે મેલો,'' માવતરે માન્યું કે બે દિવસ પછી દીકરીનું મન જંપી જસે. રુપી પાણી ભરવા જાય છે. પાદર થઈને મારો સંદેશ દેજો ને કે, સોમવારે સાંજે

મને નદીની પાળ પાસે આવીને તેડે જાય; ત્યાં ઊભી ઊભી હું એની વાટય જોઈશ! વેટમાર્ગુ બે ઘડી ચાંપીને હાલ્યા જાય છે.. બોલતાં જાય છે કે ફાટયું લાગે છે!

સોમવારે બપોરે રુપીએ લૂગડાંનો ગાંસડો લીધો ''મા હું ધોવા જાઉં છું મા એ માન્યું ભલે મન જરી મેકળું કરી આવે. ફૂલ જેવાં ઊજળાં લૂગડાં ધોઈ, માથાબોળ નાહી, લટો મોકળી મેલી, ધોયેલ લૂગડાં પહેરી, ઘૂનાને કાંઠે લાંબી ડોક કરી કરીને મારગ માથે જોતી રુપી થંભી છે. ક્યાંય નથુડો આવે છે? ક્યાંય નથુની મૂર્તિ દેખાય છે? એની તો હાલ્ય જ અછતી નહીં રહે; એ તો હાથી જેવો ધૂળના ગોટા ઉડાડતો ને દુહા ગાતો ગાતો આવશે! નહીં આવે? અરે, ન આવે કેમ? સંદેશા મોકલ્યા છે ને! કેટલા બધા સંદેશા! સૂરજ નમવા મંડયો, પણ નથુડો ન આવ્યો. સાંજના લાંબા લાંબા ઓછાયા ઊતરવા લાગ્યા. તોય નથુડો ન આવ્યોવે. પંખી માળામાં પોઢયાં, ગૌધન ગામમાં પહોંચ્યું, ઘૂનાનાં નીર ઊંઘવા લાગ્યાં, ઝાડ-પાંદડાને જંપવાની વેળા થઈ, તોય નથુડો ન આવ્યો. ઘોર અંધારુ થઈ ગયું તોય નથુડો ન જ આવ્યો. અરેરે, નથુડાનું હૈયું તો કેવું વજ્જર જેવું!'' એને મારી જરાય દયા ન આવી?

''રુપી! રુપી! રુપી!'' એવા સાદ સંભળાણા. રુપી ચમકીઃ કોના સાદ? નથુના? ના, ના, આ સાદ તો ગામ ભણીથી આવે ચે. સાદ ઢૂકડા આવ્યા. ''આ સાદ તો મારી માના. મારી મા મને ગોતવા આવે છે.'' ''નથુ તેં તો મારી સાતમ બગાડી! અરે ભૂંડા સંદેશાય ન ગણકાર્યા! પણ હું હવે પાછી ક્યાં જાઉં? હવે જે આવ્ય તો એક વાર ઘૂનો ડખોરી જોજે. હું જીવતી હઈશ તે આપમે એકબીજાના હાથના આંકડા ભીડીને ભાગે નીકરશું. ''રુપી! રુપી! રુપી!'' ગામને માર્ગેથી માતાના સાદ આવ્યા. જવાબમાં ધુમ્બાંગ! દેતી રુપી ઘૂનામાં કૂદી પડી. ઓઢણામાં બાંધેલા પથ્થરોએ એને તળિયે સંતાડી રાખી. પણ નથુડો તો ન જ આવ્યો. ''રુપી! રુપી! રુપી!'' પોકરાતી મા ઘૂનાના કાંઠે આવી. રાતનાં નીર બડબડિયાં બોલાવતાં જાણે હાંસી કરતાં હતાં કે, 'રુપીની મા! દીકરીને ઓળીપાના દુઃખમાંથી બરાબર ઉગારી, હો!'

❖❖❖

---

# માતૃત્વ : એક અમૂલ્ય વરદાન

સંતાન માટે માતા એ માત્ર જન્મદાત્રી નથી, પરંતુ તે પ્રેમ, ત્યાગ અને સંસ્કાર આપનારી પ્રથમ ગુરુ છે.

રાત્રે ગાર્ડન રેસ્ટોરન્ટમાં અમે જમવા ગયા. અમારી સામેના ટેબલ ઉપર એક કુટુંબના સભ્યો બેઠા હતા. દીકરો દીકરાની પત્ની, દીકરાના મમ્મી તથા બે દીકરીઓ જે હાઈસ્કુલમાં અભ્યાસ કરતી હશે. થોડીવાર પછી વેઈટર એક મોટી કેક લાવી તેમના ટેબલ ઉપર ગોઠવી ગયો. કેન્ડલ પ્રગટાવી કુટુંબીજનો ઉભો થઈ, તે માજીની પાસે ફૂંક મરાવી. એક સાથે સૌ હેપ્પી બર્થડે, બા બોલ્યા.

માજીને જમતી વખતે હાથ ધ્રૂજતો હોવાથી તેમના પુત્રવધુએ એપ્રન બાંધી આપ્યો જેથી કપડા ન બગડે તે માજી કોળીયો મોંમા લઈ, ચાવતા હોય ત્યારે ડાબી બાજુથી ખોરાક બહાર આવી જતો હતો. માને ડાબી બાજુએ પેરાલાઈસિસના એટેક આવ્યો હતો. જો ખોરાક ગાલ ઉપર આવે કે તરત તેનો પુત્ર નેપકીનથી સાફ કરી નાખે.

માજીએ એ કહ્યું, ભાઈ, હું તને ના પાડતી હતી કે મને હોટલમાં ન લઈ જા. મને જમતી વખતે તકલીફ પડે છે તે તો તને ખબર છે પરંતુ તું મને પરાણે લઈ આવ્યો છે. બસ હવે મેં જમી લીધું.

ના, બા હજી તો શરૂઆત જ કરી છે. એમ ભૂખ્યા નથી રહેવાનું, તમે શાંતિથી જમો, આપણે જરાપણ ઉતાવળ નથી. દિકરાએ કહ્યું પણ ભાઈ, મારા મોં માથી ખોરાક બહાર નીકળે છે તે તું સાફ કરે છે તે બીજા બધા જુએ છે, તેથી મને શરમ અને સંકોચ થાય છે બાએ ચોખવટ કરી, પણ બા, તમે શું કામ શરમાઓ છો. હું નાનો હતો ત્યારે બહાર જમવા જતાં ત્યારે મારા મોં માથી પણ ખોરાક બહાર પડતો, મારો શર્ટ પણ બગડી જતો ત્યારે તમે રુમાલથી મારું મોં સાફ કરી દેતા, મને ક્યારેક ઓતરાશ આવવાથી ઉલ્ટી થઈ જતી તો તું મને તરત જ સાફ કરી દેતી તી, અને ક્યારેક તો તમારા પાલવથી પણ સાફ કરી દે તીતી, ત્યારે તમને ક્યાં શરમ આળતી હતી? તો બસ,

હવે તમારુ મોં સાફ કરું છું તેમાં તમે શું કામ શરમાઓ છો? દીકરાએ કહ્યું, આ શબ્દો સાંભળીને મા ના મોઢા ઉપર સંતોષ છલકાતો જોઈ દીકરાને પણ આનંદ થયો.

આજુબાજુના ટેબલ પર જમી રહેલા બીજા પણ આ આબેહૂબ દ્રશ્ય નિહાળી રહ્યા હતા વાહ, સાવ સાચીવાત કહી. આ હાર્ટ ટચીંગ વાત સાંભળનાર સૌ મનોમન બોલી ઉઠયા.

આવી વાર્તાઓ સમાજમાં શ્રવણ દેવા દીકરાઓ હોવાનો અહેસાસ કરાવે છે અને નવી પેઢી સંસ્કારનો ઉત્તમ પાઠ ભણાવે છે.

❖❖❖

# ક્રોધને નાખો દરિયામાં

મહેશ દવે



પુરાણકાળમાં કૃતવીર્ય નામનો મેધાવી રાજવી હતો. તેની પાસે અપાર સમૃદ્ધિ હતી. સમૃદ્ધિનો એ સદ્‌પયોગ કરતો. તેમના કુલગુરુઓ ભૃગુકુળના બ્રાહ્મણોને કૃતવીર્ય ઉદાર હાથે ધન, ધાન્ય અને અલંકારો તથા સુવર્ણ દક્ષિણારૂપે આપતો. એના મૃત્યુ પછીના વંશજો હીર વગરના નીકળ્યા. એમના ભંડારો ખાલી થઈ ગયા. એમને થયું કે પૂર્વજ કૃતવીર્યે ભૃગુઓને દાન આપવામાં સંપત્તિ લૂંટાવી દીધી છે. તેમની પાસે એ ધન અને સોનાની માગણી કરીએ.

ભૃગુઓ પાસે જઈ ક્ષત્રિઓએ ધન અને સુવર્ણ પાછાં માગ્યાં. ભૃગુઓ ગભરાયા. તેમણે ધન અને સોનું જમીનમાં દાટી દીધું. જંગલોમાં છુપાવી દીધું. કૃતવીર્યના ક્ષત્રિય વંશજોને બ્રાહ્મણોએ કહ્યું કે એમની પાસે ધન કે સોનું નથી. ક્ષત્રિયોને વાત માન્યમાં ન આવી. તેમણે કેટલાક ભૃગુઓને કનડ્યા. એમના ઘરમાંથી દાટેલું ધન અને સુવર્ણ મળી આવ્યાં. ક્ષત્રિયો આથી ઉશ્કેરાયા અને વધારે વીફર્યા. કેટલાય ભૃગુઓને મારી નાખ્યા. ભૃગુઓએ વિનવણી કરી, ‘હવે બહુ થયું. હવે અમારી પાસે કશુંય ધન કે સુવર્ણ નથી. અમારા પર દયા કરો’, પણ ક્ષત્રિયો માન્યા નહીં. એક ક્ષત્રિયને વળી સૂઝ્યું કે કેટલીક ભૃગુ સ્ત્રીઓ સગર્ભા છે. એમના સંતાનો ભવિષ્યમાં વેર લેશે. તેથી સગર્ભા ભૃગુ ગૃહિણીના ગર્ભોની પણ હત્યા કરવા માંડી. એક હોશિયાર ભૃગુ ગૃહિણીએ ચાલાકીથી પોતાના ગર્ભને ઉદરમાંથી જાંઘમાં ઉતારી દીધો. તેનું પેટ જોઈને એની સગર્ભા અવસ્થાનો કોઈને ખ્યાલ ન આવે. એ ગર્ભને તે ગૃહિણીએ ઘણો સમય સુધી જાંઘ અથવા તો ઉરુમાં રાખ્યો. ત્યાં જ તેને વેદો, શાસ્ત્રો અને શસ્ત્રાસ્ત્ર કળા ભણાવ્યાં. ક્ષત્રિયો પાસે જઈ કોઈકે આ વિશે ચાડી ખાધી. ક્ષત્રિયો તે ગર્ભની હત્યા કરવા આવ્યા. જાંઘમાં રહેલો બાળભૃગુ જાતે જ જાંઘમાંથી બહાર આવ્યો. ઉરુમાંથી જન્મ્યો તેથી તે ઔર્વ કહેવાયો. જાંઘમાં અભ્યાસ કરી એ ભારે તેજસ્વી બન્યો હતો. એણે ક્ષત્રિયોનો સંહાર કરવા માંડ્યો. હાહાકાર મચી ગયો.

અંતે ઔર્વના પૂર્વજો સ્વર્ગમાંથી નીચે આવ્યા. તેમણે ઔર્વને સમજાવા માંડ્યો. ‘ભાઈ, આ રાજવીઆએ આપણા યજમાન હતા અને છે. એના કુળનું ઉચ્છેદન ન કરીશ. અને બહુ લાંબું જીવેલા. મૃત્યુ પામતા નહોતા, પણ આપઘાત કરવો નહોતો. તેથી અને જાતે જ એવી પરિસ્થિતિ ઊભી કરી કે જેથી ક્ષત્રિયો અમારો વધ કરે.’ ઔર્વ એમની વાત તો સમજ્યો. પણ એણે કહ્યું, ‘વડીલો, મારે રૂંવે રૂંવે વૈરાગ્નિ ફેલાયેલો છે. એ વેર અને એ ક્રોધ મને અટકવા દેતાં નથી. એનું મારે શું કરવું ’ પૂર્વજોએ કહ્યું, ‘ક્રોધને સાગરમાં ફેંકી દે. સાગર તેને સમાવી લેશે. એ મોટા પેટવાળો છે.’ ઔર્વે વેર અને ગુસ્સો દરિયામાં ફેંકી દઈ મનને શાંત કર્યું.

મહાભારતની આ આખ્યાયિકા શીખ આપે છે કે આપઘાત ન કરાય. અન્ય વ્યક્તિ આપણી હત્યા કરે તેવી સ્થિતિ ઊબી કરવી વધારે સારી. વળી વેર અને અગ્નિના વડવાનલને મનમાં રાખી હિંસા કરવાની નથી. એ દાવાનળને દરિયામાં ફેંકી દઈ અહિંસા આચરવવાની છે.

❖❖❖

## અલવિદા

જીવનરૂપી ઉદ્યાનમાં
ધર્મ શાંતિ સ્થાનમાં
સાદાઈ અનુકંપા અને સંતોષની સૌરભ ધરી
તું પાસમાં, તું શ્વાસમાં
ચોમેર ચહુદિશ આશમાં
આજે અચાનક બેસણાં તારાં બન્યાં અવકાશમાં !
પ્રેરણા સહયોગ તારા
કાર્ય મુજમાં છાયેલા
જિંદગીની દડમજલના સૂર તો પડઘાયેલા
કડવી-મીઠી પણ પોતીકી
વાત્સલ્ય-માર્દવથી ભરી
આ જિંદગીની પ્યાલીઓને તેં ભરી
અધૂરી રહી છે આજ મહેફિલ
અલવિદા તુજની થતાં...

- હરકિશન ઉદાણી

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

**આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦/–**

- બોટાદ નિવાસી (હાલ - બોરીવલી (વેસ્ટ) ભારતીબેન મુકેશભાઈ શાહના પૈત્ર અને ખુશ્બુ સુરીલ શાહના પુત્ર ચિ. વિયાનના ૧૨ માં જન્મ દિવસ નિમિત્તે SUMAN METALLOYS STEEEL MERCHANT, DARUKHANA, BORIVALI, KALAMBOLI

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

સંચાલિત

## શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયા

સભાની ઑફિસ

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM ● Lunch Time : 1.00 To 2.00 PM**

**Office Mobile No. 7208472884**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| પંચગીની<br>માથેરાન / દેવલાલી<br>Online Query / New Member<br>Patrika /Loan<br>**શ્રી નિરવભાઈ શાહ**<br>**9819012468** | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>**9867748120** | ડોનેશન - ફંડ<br>મેડિકલ સહાય<br>પત્રિકા જાહેરખબર<br>સ્કુલ-કૉલેજ ફી<br>લોનાવલા<br>**શ્રી મિલનભાઈ**<br>**9860125136** | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>**9099350644 / 9426756100**<br>મુંબઈ - શ્રી મિલનભાઈ તુરખિયા<br>**9860125136** |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**ઑક્ટોબર ૨૦૨૬ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર**

**Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૫-૦૯-૨૦૨૬ પહેલા**

**શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

**Email : zalawadisabha@gmail.com**

**ઑક્ટોબર ૨૦૨૬ ના અંક માટે કુલ ૬ કલર પેઈજ બુક થયેલ છે.**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024

પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે.

રવિવારે તકલીફ ન આપવી.

સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી

તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.

Advertisement Soft Copy દ્વારા સ્વીકારવામાં આવશે.

Colour Page ની જાહેરખબર રાહ ન જોતા તરતજ મોકલાવો.

ફક્ત ૧૨/૧૬/૨૦ પાનાં જ લેવામાં આવે છે.

## ઝાલાવાડી સભાની માસિક પત્રિકા માટે વાચકોને ખાસ નમ્ર વિનંતી

ઘણાં સભ્યોને પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે. બધાને વિનંતી કે આમાં ઝાલાવાડી સભા તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને લગભગ ૪૦ થી ૫૦ પત્રિકા પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યા બંધ છે, તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૫૨૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાક પરિવારોને પત્રિકા મળતી નથી. સૌ પ્રથમ આપના નિવાસસ્થાનની નજદીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી જરૂરી છે. પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ : www.zalawadi.com ઉપર દર મહિનાની ૧૪ થી ૧૬ તારીખ દરમ્યાન વેબસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે. વેબસાઈટ પરથી મેળવશો.

પત્રિકા ન મળતી હોય અથવા એડ્રેસમાં ફેરફાર કરવો હોય તો

વોટ્સએપ નં. 88508 30865 પર જુનુ/નવું સરનામું - મેમ્બરશીપ નં. અથવા

અન્ય વિગત ફક્ત વોટ્સએપ પર જ મોકલવી. ફોન કરવો નહી.

# પંચમ આરાનો પ્રાણ, સાધક જીવનનો ત્રાણ : દશવૈકાલિક સૂત્ર

પૂ. શુભેચ્છાકુમારી મહાસતીજી (લીંબડી અજરામર સંપ્રદાય)

*(ગતાંકથી ચાલુ...)*

**રચના કાળ :** વીર નિર્વાણ પધાર્યા પછી વીરસંવત ૭૫ થી ૯૮ વર્ષની વચ્ચેનો કાળ - શય્યંભવાચાર્ય સંઘના સુકાની હતા. ૮ વર્ષના દીક્ષા પર્યાયમાં 'દ્વાદશાંગી'ના પાઠી બન્યા હતા. આ ઉલ્લેખ 'કલ્પસૂત્ર'ની સુબોધિની ટીકામાંથી પ્રાપ્ત થાય છે. રચનાકર્તા - શય્યંભવાચાર્ય ૯૮મા વર્ષે કાળધર્મ પામ્યા. 'નંદી સૂત્ર'માં જણાવ્યા પ્રમાણે ૧૦ પૂર્વથી લઈને ૧૪ પૂર્વનું જ્ઞાન ધરાવનાર મુનિ રચિત શાસ્ત્ર 'સમ્યક્ શ્રુત' કહેવાય છે.

આ આગમમાં દસ અધ્યયન હોવાથી 'દસ' અને રચનાકાળમાં જ્યારે સૂત્રનું સંગ્રહકાર્ય સમાપ્ત થયું ત્યારે વિકાલ થઈ ગયો હતો, તેથી 'વૈકાલિક' શબ્દ પ્રયોજવામાં આવ્યો. આ રીતે દસ અધ્યયન તથા સૂત્ર સમાપ્તિનો સમય બંને ભાવ જોડાતા યૌગિક રીતે **'દશવૈકાલિક સૂત્ર'** એવું યથાર્થ નામ આપવામાં આવેલ છે. વળી આ સૂત્ર ઉત્કાલિક હોવાથી ૩૨ અસ્વાધ્યાય ટાળીને ચારેય પ્રહરમાં તેનો સ્વાધ્યાય થઈ શકે. વૃક્ષમાં જેમ મૂળનું મહત્ત્વનું સ્થાન છે તેમ સાધક જીવનના મૂળભૂત આચારો આમાં દર્શાવેલ છે. સાધુજીવનનો પાયો એટલે 'દશવૈકાલિક સૂત્ર'. આમાં ચરણકરણાનુયોગની પ્રધાનતા છે.

**મંગલ સ્મરણમ્ :** ધર્મ સ્વયં મંગલ કલ્યાણરૂપ છે.

**ધર્મ ટકે** - ધર્મ ગ્રંથો - આગમથી અને ધર્મગુરુઓથી.

**ધર્મ ધબકે** - ગુણાનુરાગી - આચારવાન મહાપુરુષોથી.

**ધર્મ ઝળકે** - જ્ઞાની - ધ્યાની - ત્યાગી - તપસ્વી આત્માઓથી.

(i) **પ્રથમ મંગલ - 'धम्मो मंगल मुक्किट्ठं।'** પ્રથમ અધ્યયનની શરૂઆતમાં અહિંસા - સંયમ - તપરૂપી ધર્મ શ્રેષ્ઠ મંગલ છે. ધર્મ જ્યારે આત્મસાત્ થઈ જાય છે ત્યારે દેવો પર વંદન કરે છે.

(ii) **મધ્ય મંગલ - 'नाणदंसण संपन्नं, संजमे य तवे रयं।'** મહાઆચાર કથા નામના છટ્ઠા અધ્યયનમાં જ્ઞાન અને શ્રદ્ધાસંપન્ન તથા સંયમ અને તપમાં વિચરતા આચાર્યને વંદન કરીને મધ્ય મંગલ બતાવે છે, અહીં જ્ઞાન અને ચારિત્રના સમન્વયની પ્રધાનતા બતાવી છે.

(iii) **અંતિમ મંગલ - 'अप्पा खलु सययं रक्खियव्वो।'** બીજી ચુલિકાની છેલ્લી ગાથામાં અંતિમ મંગલ બતાવ્યું છે કે - 'હે જીવ ! આત્માનું સતત રક્ષણ કરવા જેવું છે.'

◆ **યોગ - ઉપયોગ સ્મરણમ્** - મન - વચન - કાયારૂપી યોગ અને આત્માના પરિણામરૂપી ઉપયોગનું દર્શન કરાવે છે. આગમમાં વ્યવહાર અને નિશ્ચયનો સમન્વય બતાવે છે.

આત્મ દ્રવ્ય અને આત્મ પરિણામની શુદ્ધિમાં નિમિત્ત બને તે આગમ.

'દશવૈકાલિક સૂત્ર'માં આહારશુદ્ધિ, ભાષાશુદ્ધિ, આચારશુદ્ધિ દ્વારા ક્યાંક યોગશુદ્ધિની પ્રધાનતા છે. તો અભય, અખેદ અને અદ્વેષ દ્વારા આત્મ પરિણામની શુદ્ધિની પ્રધાનતા છે.

◆ **પ્રવૃત્તિ દ્વારા સમિતિની પ્રધાનતા છે તો નિવૃત્તિ દ્વારા ગુપ્તિની પ્રધાનતા છે.**

અહીં દસ અધ્યયનમાં વિલક્ષણ વિચારધારા દર્શાવી છે. વિરતિધરો માટેના આચારોનું સંરક્ષણ, સંવર્ધન અને સાતત્ય જાળવવા માટે સ્વાધ્યાયના આલંબનની આવશ્યકતા છે. શ્રાવક-શ્રાવિકાને શ્રવણ, રટણ, મનન વડે મનોરથમાં આગળ વધવા પ્રેરણા આપે છે.

| | |
|---|---|
| **અધ્યયન-૧ : દ્રુમપુષ્પિકા** | - ધર્મ પરમ હિતકારી મંગલકારી છે. |
| **અધ્યયન-૨ : શ્રામણ્યપૂર્વક** | - સંયમમાં દઢતા અને સ્થિરતા જરૂરી છે. |
| **અધ્યયન-૩ : ક્ષુલ્લકાચારકથા** | - નાના-નાના નિયમોની તૈયારી બતાવી છે. |
| **અધ્યયન-૪ : ષટ્ જીવનિકાય** | - જીવોની રક્ષાનો ભાવ. |
| **અધ્યયન-૫ : પિંડેષણા** | - સંયમ અને તપની અભિવૃદ્ધિ માટે શુદ્ધ ભિક્ષા વિધિનું સ્વરૂપ. |
| **અધ્યયન-૬ : મહાચારકથા** | - અઢાર સ્થાનરૂપ મહાઆચાર પાંચ મહાવ્રત, છઠ્ઠું રાત્રિભોજન ત્યાગ, છ કાયની દયા વગરેનું વર્ણન બતાવેલ છે. |
| **અધ્યયન-૭ : સુવાક્યશુદ્ધિ** | - ધર્મી જીવોનો વચન - વિવેક, ભાષનું મહત્ત્વ બતાવેલ છે. |
| **અધ્યયન-૮ : આચારપ્રણિધિ** | - આપણું જીવન પણ એક પ્રવચન છે. આચાર- વિચાર - ઉચ્ચાર ત્રણેય કામ કરે છે. |
| **અધ્યયન-૯ : વિનયસમાધિ** | - વિનય ધર્મનું મૂળ છે, મોક્ષ તેનું ફળ છે. |

**અધ્યયન-૧૦ : સભિક્ષુ** - ભાવ સાધુની લાક્ષણિકતા બતાવી છે.

જેમ પર્વત ઉપર ચોટી હોય તેમ દસ અધ્યયન ઉપર બે ચુલિકા છે. જેમાં આત્મ જાગૃતિનો માર્ગ બતાવે છે.

'સર્વોદયનો સૂર્ય'

**'उग्गओ विमलो भाणू, सव्वलोय पभंकरो।'** સૂર્યનો ઉદય થતાં અંધકાર દૂર થાય એની સાથે પ્રકાશ ફેલાય છે. **'उग्गओ खीणसंसारो, सव्वन्नु जिणभक्खरो।'** તીર્થંકરરૂપી સૂર્યનો ઉદય થતા સર્વ લોકમાંથી મિથ્યાત્વરૂપી અંધકાર દૂર થાય છે. સમ્યગ્જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાય છે. તીર્થંકર સૂર્ય સમાન છે, આચાર્ય દિપક સમાન છે.

**'ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे।' (જ્ઞાનસાર ૫-૧)**

આપની સમ્યગ્જ્ઞાનની મસ્તીને નિહાળી કોને જ્ઞાનના સરોવરમાં ડૂબકી લગાવવાનું મન ન થાય !

જૈનધર્મદિવાકર, સ્વ. આચાર્ય **પૂ. ઘાસીલાલજી મ.સા.** જેમણે જ્ઞાનરૂપી સરોવરમાં ડૂબકી લગાવી અને સમ્યગ્જ્ઞાનની મસ્તીને માણી. આજથી આઠેક દાયકા પૂર્વે પૂજ્યશ્રીએ જિનશાસનના શ્રેયાર્થે ૩૨ આગમ રૂપ જ્ઞાનનો ગુલદસ્તો તૈયાર કરવાનો સંકલ્પ કર્યો. **અર્ધમાગધી - સંસ્કૃત - હિન્દી - ગુજરાતી ચાર ભાષામાં** તૈયાર થયેલ આગમથી સંઘ - સમાજ - શાસન પર મહાન ઉપકાર થયો. હવે એ જ્ઞાનની ગંગાને વહેતી રાખવા માટે 'સંકલ્પે સિદ્ધિ' એ સૂત્રને જેમણે જીવનમાં ચરિતાર્થ કર્યું છે, તેવા શ્રુતાનુરાગી, શતાધિક ઉપાશ્રયનિર્માણપ્રણેતા **પરમશ્રદ્ધેય પૂ. ગુરુદેવ શ્રી ધીરજમુનિ મ.સા.** એ 'સોનામાં સુગંધ ભળે તેમ' **English** ભાષાનો ઉમેરો કરી શ્રુત સેવાના અભ્યુદયમાં સ્વયંનું યોગદાન આપી આગમમાં શુદ્ધિ કરી સંપાદન કરી રહેલ છે. જે અનુમોદનીય છે.

❖❖❖

## વેવિશાળ

| નિમિત | સાન્યા | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| શ્રી કિર્તીભાઈ વસંતલાલ કામદારના સુપુત્ર ધાંગધ્રા નિવાસી (હાલ - સાયન) | | | |
| શ્રી અંકિતભાઈ પંકજભાઈ પારેખની સુપુત્રી ચોટીલા નિવાસી (હાલ -માટુંગા) | | ૧૬૦૦ | ૧૬૦૦ |
| **વેદાંત** | **આયુષી** | | |
| શ્રી જીનેશભાઈ નરેશભાઈ મહેતાના સુપુત્ર તળાજા નિવાસી (હાલ - ઘાટકોપર) | | | |
| શ્રી જયેશભાઈ અનિલભાઈ ખંધારની સુપુત્રી સુદામડા નિવાસી (હાલ - ઘાટકોપર) | | ૧૧૦૦ | ૧૧૦૦ |

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા**
**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**
**આયોજીત**
**શ્રી સી.યુ.શાહ શૈક્ષણિક પારિતોષિક સમારંભ**
**અતિથી વિશેષ**
**શ્રી કિરીટભાઈ વૃજલાલ શેઠ -ટ્રસ્ટી, ઝાલાવાડી સભા**

સભાના સભ્યોના તેજસ્વી તારલાઓને વિવિધ શૈક્ષણિક કારકિર્દીમાં સફળ સોપાન સર કરનાર, ઉજ્જવળ સફળતા પ્રાપ્ત કરનાર સંતાનોને પારિતોષિક-ટ્રોફી એનાયત કરવા યોજાયેલ સત્કાર સમારંભમાં પધારવા હાર્દિક નિમંત્રણ.

**શનિવાર તા. ૦૩-૧૦-૨૦૨૬**
**સાંજે ૬.૩૦ કલાકે થી .......**
**પ્રિતીભોજન : ૮.૦૦**
**સ્થળ**
**શ્રી માણેક બેન્કવેટ હૉલ**
**શ્રી માનવ સેવા સંઘ**
કિંગ સર્કલ સ્ટેશનની પાસે, સાયન, મુંબઈ - ૪૦૦ ૦૨૨.
(ફક્ત આમંત્રિતો માટે જ) મંત્રીઓ

**સીનીયર સીટીઝન**
**રોજના ૧૦૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં.**
**૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોચાડશું.**
શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા
પ્રભાદેવી. મો. ૯૮૧૯૦૦૬૪૦૪ ફક્ત વોટ્સએપ
(ફોન કરવો નહી)
Advt.

**Lifetime 2nd Income**
Lifetime time senior citizen
Intrested Rate 9.5% Aprox 100 year
Old Reputed company
**Contact :**
**9930755780 / 8828294456**
Advt.

## સાભાર સ્વીકાર

સ્વ. જીતુભાઈ સી. દોશીના સ્મરણાર્થે બોટાદ નિવાસી (હાલ -બોરીવલી) (સ્વધર્મી સહાય ) રૂા. ૨૦૦૦

# અખિલ બ્રહ્માંડમાં આપણું સ્થાન ક્યાં ?

ગુણવંત બરવાળિયા

વર્તમાન સમયની ફોર્બ્સની (Forbes) અબજોપતિની યાદીનાં અનેક લક્ષ્મીપતિઓની તમામ સંપત્તિ કરતા લાખો ગણી સમૃદ્ધિ કુબેર પાસે હતી. અને તે સર્વસ્વ ત્યાગવાની તાકાત પણ તેનામાં હતી. તે ઐશ્વર્ય સામે આપણી સંપત્તિના સામ્રાજ્યનું શું મૂલ્ય ?

બાહ્ય અને અંતરંગ તપનો જેના જેના જીવનમાં સમન્વય હતો તેવા ભગવાન ઋષભદેવ કે જેના માત્ર સાધુને લેવા યોગ્ય ભિક્ષા - 'નિર્દોષ ગોચરી' ન મળતાં સહજ રીતે થયેલું ચારસો ઉપવાસનું તપ યુગોથી અદ્વિતીય અને અપૂર્વ રહ્યું છે.

શ્રી કૃષ્ણનો યોગ, રામની મર્યાદા, મહાવીર-બુદ્ધની કરુણા અને નરસિંહ-મીરાંની ભક્ત, જીવનની ચરમ સીમાએ પહોંચી હતી. વૈરાગ્યભાવમાંથી ફલિત થતો ધન્ના-શાલિભદ્રનો ત્યાગ, શ્રીરામ પ્રતિ સાચા ભ્રાતૃપ્રેમમાંથી પ્રગટતો ભરતનો રાજ્ય ભોગવટાના ત્યાગનો આ જગત પર જોટો જડે તેમ નથી.

આનંદ-શ્રાવક, ભામાશા, જગડુશા, વસ્તુપાલ અને તેજપાળ જેવા વીરોએ પોતાના ન્યાયસંપન્ન વૈભવમાંથી ઉલ્લાસભાવે સુપાત્ર દાન દઈ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી. શેઠ સુદર્શનના શીલવ્રત અને ગણધર ગૌતમના જ્ઞાનને આપણે સદૈવ વંદન કરીએ છીએ.

જ્યારે આપણા જીવનમાં ત્યાગ, તપ, દાન, શીલ કે જ્ઞાનપ્રાપ્તનું કોઈ સત્કાર્ય થાય કે સફળતા મળે, તે સમયે સૂક્ષ્મ અહ્‌મ આપણામાં પેસી જવાનો ભય હોય છે. તે ક્ષણે આવા મહાન આત્માઓનું પાવન સ્મરણ કરી તેમની જીવનમાં તપ, ત્યાગ, શીલ, બાહ્ય અને અંતર વૈભવની સાથે આપણી સરખામણી કરવી જોઈએ. તેમ કરવાથી લાગશે કે આમાં આપણી શી વિસાત ? આ ચિંતન આપણામાં જાગૃતિ લાવશે તેથી જીવનમાં લઘુતાભાવ પ્રગટ થશે જે અહંકારના આક્રમણ સામે કવચ બની રહેશે.

રાજકીય, સામાજિક કે ધર્મસંસ્થામાં પદ



મળે, પૈસા કે પ્રતિષ્ઠા મળે, જીવનમાં અહંકારના પ્રવેશનો ભય લાગે ત્યારે અંતરના પ્રવેશદ્વાર પર, 'આ વિરાટ વિશ્વમાં આ પદની શી વિસાત ?' નો વિચાર અહ્‌મ સામે ચોકીદાર બની માન કષાયથી આપણા આત્માનું રક્ષણ કરશે.

વિશ્વચિંતક બર્ટ્રાન્ડ રસેલે એક લઘુકથા લખી છે. તે રૂપકને થોડી જુદી રીતે આપણા નિજી જીવનના પરિપ્રેક્ષ્યમાં તપાસવા જેવું છે.

પ્રસિદ્ધ અને ભવ્ય મંદિરનો એક પૂજારી નિદ્રાધીન થતાં તેને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે જોયું કે તે સ્વર્ગને દરવાજે પહોંચી ગયો છે પરંતુ દરવાજો એટલો મોટો છે કે તેના છેડાઓની ખબર જ નથી પડતી. તે માથું ઊંચકી જુએ છે, તે આશ્ચર્યથી જોતો જ રહી જાય છે. પરંતુ તેનો કોઈ અંત દેખાતો નથી. એ દરવાજા પર નાના માણસની ટકોરાની શી અસર થાય ? તે અસીમ સૂનકારમાં કાંઈ અવાજ પેદા ન થયો. એ માથું ઠોકી ઠોકીને થાકી જાય છે. અને ખૂબ દુ:ખી થાય છે. કારણ તેણે તો હંમેશાં એમ જ વિચાર્યું હતું કે, હું ભગવાનની દિવસ અને રાત પૂજા કરું છું, એથી હું જઈશ ત્યારે ભગવાન દરવાજા સામે મારા સ્વાગત માટે હાથ ફેલાવી ભેટવા તૈયાર હશે પરંતુ અહીં તો દરવાજો જ બંધ છે.

ખૂબ બૂમ-બરાડા પાડ્યા પછી એક નાની બારી ખૂલે છે. અને પ્રકાશનો પૂંજ દેખાય છે. તે જોઈ પૂજારી ગભરાઈ જાય છે. દરવાજાની બાજુમાં સરકી જાય છે કારણે કે બારીમાંથી એક-બે નહીં હજાર હજાર તેજસ્વી આંખો દેખાણી. પૂજારીની આંખો અંજાઈ જાય છે. તેને આંખે અંધારા આવવા લાગ્યા. પૂજારી બૂમ મારીને કહે છે, 'મહેરબાની કરી અંદર જતા રહો અને ત્યાંથી જ વાત કરો, મારા સામે જુઆએ નહદ. એક એક આંખનું તેજ હજાર સૂર્ય સમાન જણાય છે.' તે કહે છે, 'હે ભગવાન આપનાં દર્શન થઈ ગયા, બહુ કૃપા થઈ. પરંતુ પેલી તેજસ્વી આંખોવાળી વ્યક્તિ કહે છે,' 'હું ભગવાન નથી હું અહીંનો દ્વારપાળ છું અને તમે ક્યાં સંતાયા છો, મને દેખાત જ નથી ? પેલી હજાર હજાર આંખોવાળી

વ્યક્તિને પણ તે પૂજારી ક્યાંય નજરે ચડતો નથી એટલો વામન લાગે છે. આ અદ્‌ભુત ઘટનાથી પૂજારીને લઘુતા-દીનતાની અનુભૂતિ થવા માંડી, 'હું વિચારતો હતો કે ખુદ ભગવાન દરવાજા પર મળશે પરંતુ આ તો ભગવાનનો દ્વારપાળ છે.' થોડી વારમાં સ્વસ્થતા કેળવી પૂજારીએ દ્વારપાળને પૂછયું:

'તમને ખબર નથી કે હું આવવાનો છું?'

દ્વારપાળે કહ્યું, 'તમારા જેવું જીવજંતુ અનંતકાળમાં અહીં પહેલી જ વાર દેખાયું છે, ક્યાંથી આવો છો? પૂજારીએ કહ્યું, 'પૃથ્વી પરથી આવું છું.' દ્વારપાળ કહે, 'આ નામ કયાંય સાંભળ્યું નથી, આ પૃથ્વી ક્યાં છે?' ત્યારે તેનો શ્વાસ અટકી ગયો, હૃદયના ધબકારા બંધ થવા માંડ્યા. જો પૃથ્વીનું જ નામ નથી સાંભળ્યું તો હિન્દુસ્તાનનું નામ અને તેના ધર્મના નામ ક્યાંથી સાંભળ્યા હોય. એ ધર્મોનાં સંપ્રદાયોનાં નામ એ જાણતો જ ન હોય, અને અમુક ગામનાં મંદિરોની એને શી ખબર હોય? અને એ મંદિરના પૂજારીને તો એ શે ઓળખે? જ્યારે એ તો કહે છે કે પૃથ્વીનું નામ જ પહેલી વખત સાંભળ્યું છે.

દ્વારપાળે પુનઃ પ્રશ્ન કર્યો, 'ક્યાં છે એ પૃથ્વી?' પૂજારી એ પ્રત્યુત્તરમાં કહ્યું, સૂર્યનો એક પરિવાર છે. તેમાં પૃથ્વી એક ગ્રહ છે.' પેલો દ્વારપાળ કહે છે, 'તમને ખબર નથી કે, કેટલા પાર વગરના સૂર્યો છે? કઈ નિહારિકા? તેમાંનો કયો સૂરજ? તમારા સૂર્યનો કયો નંબર (Index Number) છે?'

પૂજારી દિગ્મૂઢ થઈ સાંભળતો નિરુત્તર રહ્યો. પેલો દ્વારપાળ કહે, 'તમારી આકાશગંગા (Galaxy) નો સાંકેતિક નંબર (Code Number) બતાવી શકો તો પણ તમારા સૂરજની શોધખોળ થઈ શકે છે તમે કયા સૌર પરિવારમાંથી આવો છો.' પૂજારી કહે, 'નંબર?' 'અમે તો એક જ સૂરજને જાણીએ છીએ.' દ્વારપાળે કહ્યું, 'ચાલો, પ્રયત્ન કરવામાં આવશે, શોધતાં શોધતાં કદાચ પત્તો લાગી પણ જાય, પરંતુ આ રીતે શોધ કરવી એ બહુ અઘરી વાત છે.' ગભરામણમાં પેલા પૂજારીની ઊંઘ ઊડી જાય છે. જાગૃત થતાં જ તે પસીનાથી તરબોળ થવા લાગે છે કે જે કોતસ્મક વિશ્વ, વિરાટ જગતમાં એ વસે છે ત્યાં પૃથ્વીનું જો કંઈ સ્થાન ઠેકાણું નથી તો, 'અખિલ બ્રહ્માંડમાં આપણું સ્થાન કયાં?' ❖❖❖




**એસોસિયેશન ઓફ ફિઝિશિયન ઓફ ઈન્ડિયાના મહારાષ્ટ્ર સ્ટેટ ચેપ્ટરના પદાધિકારીઓ ડો. આગમ વોરાની આગેવાનીમાં સોમવારે રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્માને મળ્યા હતા. ડો. આગમ ચંદ્રવદન વોરા, M.D. Chest specialist ત્રણ વર્ષથી વરીષ્ઠ લોકાના રસીકરણ કાર્યક્રમમાં સક્રિય કાર્ય કરી રહ્યા છે. રાષ્ટ્રીય સુસંગતતાનાં બે તબીબી પ્રકાશનો તેમને આપ્યાં હતાં. આ સમયે ડો. રાકેશ બદાડે, ડો. મિલિંદ નાડકર, ડો. અમિત સરાભ, ડો જયેશ લેલે, આશુતોષ પાંડે, સ્વાતિ દલાલ હાજર હતાં.**

## ''આજનું ભણતર એટલે શું??''

મોડે સૂઓ... મોડે ઊઠો...
મોડે સ્કૂલ-કોલેજ જાઓ!!
ચોપડાં મુકી બાજુ પર,
ઈવેન્ટસ - 'ડે' ઉજળણીમાં લાગી જાઓ!!
ફેશનોની પરેડ કરે,
મોટર સાઈકલોની રેસ કરે,
મોબાઈલ પર એસ.એમ.એસ. લગાવે,
બાગ-બગીચા-મોલમાં રખડવા સૌ જાય!!
છોકરા ભણે નહીં - માસ્તર ભણાવે નહીં.
ટ્યુશનિયા ક્લાસ સૌ ભરવા જાઓ!!
અપેક્ષિતો-ગાઈડો રાત-દિવસ તમે ગોખો!!
પરિણામોથી તમે જાતે જ ખુબ પસ્તાઓ!!
આ કોઈ ભણતર નથી.
આ કોઈ ચણતર ભવિષ્યનું નથી!!
તો ખરું ભણતર કોને કહેવાય??
સંસ્કૃતિ - સભ્યતાનો વારસો આપે,
વર્તન-વાણી-વિચારો તમારા સુધારે,
તન-મન તંદુરસ્ત કરી સંસ્કારો આપે,
ઉત્સાહ-ઉમંગ સાથે હર દિનને ઉત્સવ બનાવે.

**કીર્તિ ઠક્કર**

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ • ઝાલાવાડી સ્થાનકવાસી ચેરિટેબલ ફાઉન્ડેશન**

# પરિવાર સેતુ તા. 22-08-2026 ની તસ્વીરી ઝલક
























EXPLORE THE WORLD
Unforgettable Journeys. Extraordinary Memories.
Amazing Destinations. Endless Experiences.
ONLY WITH AMMPAL HOLIDAYS
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
CHINA
13D
Enjoy Autum, Ancient Wonders, Rich Culture & Modern Marvels.
OCT 20th
VIETNAM WITH PHU QUOC
VIETNAM WITH SAPA
Crystal Clear Waters, White Sandy Beaches & Tropical Paradise awaits.
11D
SEP 18th (Full) • OCT 21st • NOV 4th (Full) | 22nd • DEC 4th | 18th | 26th • JAN 6th
KENYA
Thrilling Safaris, Wildlife Encounters & Breathtaking Landscapes.
OCT 1st | 16th | 24th
NOV 5th | 13th
DEC 1st
ALMATY
7D
Breathtaking Mountains, Vibrant City Life & Unmatched Natural Beauty
SEP 23rd (Full) | 28th (Few Seats)
OCT 21st (Full)
NOV 4th | 6th | 11th
DEC 23rd | 27th | 30th
JAN 22nd
MAR 5th | 19th
12D TOUR ALMATY + GEORGIA Scheduled for NOV 6th
Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ
Tour Inclusive of Air Fare*
Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
Stay at Luxurious Hotels
AMMPAL HOLIDAYS - Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
Amit Shah 9833082820
Kewal 9819015353
Namrata 8291099100
Kalpesh 8291199100


Advt.












## શ્રી વિદ્યાર્થી એજ્યુકેશન નિઃશુલ્ક વ્યાજ લોન યોજના

### શિક્ષણના સ્વપ્નોને પાંખ આપતી એક ઐતિહાસિક સેવાયાત્રાનો ભવ્ય પ્રારંભ

### શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ, મલાડ દ્વારા યોજનાનું ભવ્ય લોકાર્પણ

### મુંબઈ, તા. ૨ ઓગસ્ટ ૨૦૨૬

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ- મલાડ ના પ્રમુખ શ્રી અશોકભાઈ કામદાર અને સેક્રેટરી શ્રી શૈલેષભાઈ શાહ દ્વારા જોવામાં આવેલું એક સુંદર અને સેવાભાવી સ્વપ્ન - શ્રી વિદ્યાર્થી એજ્યુકેશન લોન યોજના

સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય મળી રહે અને કોઈપણ પ્રતિભાશાળી વિદ્યાર્થી માત્ર આર્થિક સંજોગોના કારણે પોતાના શૈક્ષણિક સપનાઓથી વંચિત ન રહે, તેવા ઉમદા અને સેવાભાવી હેતુ સાથે શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ, મલાડ દ્વારા શરૂ કરવામાં આવેલી ''શ્રી વિદ્યાર્થી એજ્યુકેશન લોન યોજના'' ભવ્ય લોકાર્પણ સમારોહ ઉત્સાહ, ઉમંગ અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક યોજાયો.

આ ભવ્ય લોકાર્પણ સમારોહ શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા ના પ્રમુખ શ્રી પંકજ ભાઈ સંઘવી ના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું.

શ્રી પંકજભાઈ સંઘવીએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી યોજનાને શુભેચ્છા પાઠવી હતી તેમજ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આવી સેવાકીય પ્રવૃત્તિઓના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

**વિદ્યાદાનથી ભવિષ્યનું નિર્માણ,**
**સહયોગથી સપનાઓને પાંખ,**
**અને સેવામાંથી સમાજનું કલ્યાણ**

આ ત્રણ ભાવનાઓને સાથે લઈને શ્રી મલાડ મિત્ર મંડળે શરૂ કરેલી આ પહેલ માટે સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન.

Advt.

# ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

Regd. Office : 301, Bay View (East), 3rd Floor,
47, Dr. M. B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.
**Mob.: 7208481791 / 7208472744 / 7208472884**



















**નોંધ :**

(૧) ઉપરોક્ત સેનેટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com પર કરવું.

(૨) ફક્ત માથેરાન સેનેટોરિયમમાં રૂા. ૬૦૦/- એક દિવસના સવારના નાસ્તો, બપોરની ચા તથા સવાર-સાંજના જમવાના ફરજિયાત આપવાના રહેશે.

(૩) સંસ્થાના નિતીનિયમ મુજબ બુકિંગ મળશે.

(૪) I-Card રાખવું જરૂરી છે.

(૫) આખું સેનેટોરિયમ બુક કરાવશો તો સ્પેશિયલ ડિસ્કાઉન્ટ મળશે.

## ❁ સંપર્ક સુત્ર ❁

| | | |
|---|---|---|
| બીનાબેન સંઘવી | પ્રિતુલભાઈ શાહ (ગેડીવાળા) | નીરવભાઈ દોશી |
| મો. ૯૭૬૯૪ ૪૮૨૮૪ | મો. ૯૩૨૩૧૮૦૬૬૫ | મો. ૯૮૨૦૮૨૩૪૦૦ |


FLAMINGO
transworld pvt. ltd.
You Travel We Care
WHY FLAMINGO?
આપના પ્રવાસ ને યાદગાર બનાવવા માટે, ૨૫૦ થી વધુ કટીબદ્ધ ટીમ મેમ્બર્સ નો કાફલો
સમગ્ર ભારત માં ૫૦ થી વધુ બુકિંગ હબ નુ વિશાળ નેટવર્ક ધરાવતી કંપની
ગુજરાતી – હિન્દી અને અંગ્રેજી ભાષા ના જાણકાર અનુભવી ૩૦૦ ટુર મેનેજર
વિશ્વ ના ખૂણે ખૂણે એટલે કે 80 થી વધુ દેશ ના યાદગાર પ્રવાસ ની મહારથ
વિશ્વભર માં વસતા આપણા ગુજરાતી NRI પ્રવાસીઓ માટે ખાસ વિભાગ
Scenic South America
13 Nights / 14 Days
3, 21 July, 7, 23 Aug, 26 Sep, 23 Oct 2026
Amazing Mauritius
6 Nights / 7 Days
9, 15, 22, 27 May 2026
Scenic South Africa with chef
(With Winery experience)
12 Nights / 13 Days
10, 16, 23, 24, 28 May, 4, 14 June 2026
Exotic South Africa with Victoria Falls
13 Nights / 14 Days
18 May, 2 Jun, 24 Aug, 28 Sep 2026
African Jambo with Kenya
14 Nights / 15 Days
23 May 2026
Whole of South Africa with Kruger
13 Nights / 14 Days
5,15,19,20,25,27 May, 3, 6, 13, 20 Jun, 4,15 Jul, 8, 14 Aug,1, 17 Sep 2026
OUR MUMBAI LOCATIONS
Andheri, Goregaon, Kandivali, Mira Road, Opera House
Sion, Ghatkopar, Thane, Mulund, Kharghar, Pune
+91 98199 30022
www.flamingotravels.co.in
Advt.

# શ્રી ગાંધીનગર સ્થાનકવાસી જૈન સંઘ,

**પ્લોટ નં.૫૩૩, ગુરૂકુળ પાસે,**

**સેક્ટર-૨૨, ગાંધીનગર-૩૮૨૦૨૧(ગુજરાત)**

શ્રી સંઘના પુણ્યોદયે ચાલુ વર્ષે શ્રી સંઘને અજરામર સંપ્રદાયના ગાદીપતિ શ્યામગુરૂ પરિવારનાં ઉપાધ્યાય ભગવંત પ.પૂ.ભવ્યમુનિ મ.સા.ના તથા શાસનચંદ્રિકા પ.પૂ. ઉજ્જવળ ગુરૂણીના સુશિષ્યા આધ્યાત્મયોગિની બા.બ્ર.પ.પૂ. મીતાજી મહાસતીજી આદિઠાણા-૫નું પ્રાપ્ત થયું છે.

જય જિનેન્દ્ર સહ જણાવવાનું કે શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, સેક્ટર-૨૨, ગાંધીનગરની સ્થાપના જુન-૧૯૭૭માં થયેલ. કોઈપણ સંસ્થા તેની સ્થાપનાથી ૪૯ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરી તેની સ્થાપનાનું ૫૦મું વર્ષ ઉજવવાનું સદભાગ્ય પ્રાપ્ત કરે તે એક અનેરો લ્હાવો છે. તેથી શ્રી સંઘે ચાલુ વર્ષે જુલાઈ-૨૦૨૬થી જુન-૨૦૨૭ સુધી **"સુવર્ણ જયંતિ વર્ષ"**ની શાનદાર ઉજવણી કરવાનું આયોજન કરેલ છે.

સુવર્ણ જયંતિ વર્ષ દરમ્યાન શ્રી સંઘ દ્વારા જીવદયાના અને માનવ રાહતના અનેક સુકૃત્યો કરવાનું આયોજન છે. ઉપરાંત શ્રી સંઘના માનવરાહત ફંડ, જૈનશાળના બાળકોને અનુમોદના માટે કાયમી ફંડ અને ઉપાશ્રયના નવિનીકરણ માટે ફંડ એકત્ર કરવાનું આયોજન છે.

ચાલુ વર્ષે સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે નીચે મુજબની રકમ સાથે દાતાઓ મેળવવાનું આયોજન છે. શ્રી સંઘનો ઉપાશ્રય ૧૦૦૦ ચો.મી.ના પ્લોટ ઉપર બનાવેલ છે. ક્ષેત્ર ખૂબ શાતાકારી છે. ઉપાશ્રયના પ્રાંગણમાં લીમડાના ઝાડ હોવાથી પ્રદુષણ રહિત વાતાવરણ છે. અમારા ઉપાશ્રયમાં વિવિધ સંપ્રદાયના પૂ. વિદ્વાન સંત-સતીજીઓએ સફળ ચાતુર્માસ કરેલ છે.

| ક્રમ | દાતાનો પ્રકાર | દાનની રકમ (રૂ.) | :: Online પેમેન્ટ માટે બેંક ખાતાની વિગત :: |
|---|---|---|---|
| ૧ | ડાયમંડ દાતા | ૧,૫૧,૧૧૧/- અને તેથી વધુ | **શ્રી સ્થાનકવાસી જૈન સંઘ** |
| ૨ | પ્લેટીનમ દાતા | ૧,૧૧,૧૧૧/- અને તેથી વધુ | Bank Of Baroda, Sector-22 Branch |
| ૩ | ગોલ્ડ દાતા | ૭૧,૧૧૧/- અને તેથી વધુ | Savings A/C No.- 72920100004745 |
| ૪ | સિલ્વર દાતા | ૫૧,૧૧૧/- અને તેથી વધુ | IFSC : BARB0DBGSEC **(પાંચમો અક્ષર શૂન્ય)** |

**ઉપરોક્ત યોજનામાં શ્રી સંઘના ઉદારદિલ સભ્યો પણ ઉત્સાહપૂર્વક લાભ લઈ રહ્યા છે.**

આ ઉપરાંત શ્રી સંઘ દ્વારા સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે "શુભ થાઓ આ સકલ વિશ્વનું" એ નામથી એક માહિતીસભર દળદાર ડિરેક્ટરી પ્રસિધ્ધ કરવાનું આયોજન છે. જાહેરાતના દર નીચે મુજબ રાખેલ છે.

| | | | |
|---|---|---|---|
| ટાઇટલ પેજ-૧ | રૂ.૫૧,૦૦૦/- | કલર પેજ (આખુ) | રૂ.૮,૦૦૦/- |
| ટાઇટલ પેજ-૨ | રૂ.૩૧,૦૦૦/- | કલર પેજ (અડધું) | રૂ.૪,૦૦૦/- |
| ટાઇટલ પેજ-૩ | રૂ.૩૧,૦૦૦/- | શુભેચ્છક | રૂ.૧,૫૦૧/- |
| ટાઇટલ પેજ-૪ | રૂ.૪૧,૦૦૦/- | | |

જૈન સમાજના સૌ દાનવીરો/ સુશ્રાવકો/ સંઘોને અમારા સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીમાં "ફુલ નહિ તો ફુલની પાંખડી" અર્પણ કરી અમારા સ્વપ્નને સાકાર કરવા સહભાગી થવા નમ્ર વિનંતી છે.

**(કમલ કિશોર જૈન)** ટ્રસ્ટી — **(કેતન દેવાણી)** મંત્રી — **(આર. ડી. ગાંધી)** પ્રમુખ

**વધુ માહિતી માટે સંપર્ક :: શ્રી આર. ડી. ગાંધી, મો.-૯૯૨૪૧ ૨૩૧૬૪**

Advt.


LIONS
INTERNATIONAL
LIONS INTERNATIONAL &
ROTARY INTERNATIONAL
ROTARY
INTERNATIONAL
Joint Initiative
LION TARACHAND BAPA
HOSPITAL ANNEXE
at Mata Lachmi Hospital, sion
SATISH CHOKSI
CANCER CARE CENTER
ખાસ
ઓફર
મફત કીમોથેરાપી સારવાર
ફક્ત દવાઓનો જ ખર્ચ લેવામાં આવશે
શ્રદ્ધા ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા
કીમો દવાઓ રાહત દરે ઉપલબ્ધ
ઓફર માન્ય:
એપ્રિલ 2026 થી ડિસેમ્બર 2026
એપોઈન્ટમેન્ટ માટે
મોબાઈલ:
+91 9137849814
મુખ્ય વિશેષતાઓ
અનુભવી અને નિષ્ણાત ઓન્કોલોજી ટીમ
કાળજી અને સહાનુભૂતિ સાથે વ્યક્તિગત કેન્સર સારવાર
અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિક સારવાર સુવિધાઓ
દર્દી સહાય અને પુનર્વસન માટે સંપુર્ણ માર્ગદર્શન
સસ્તી, નૈતિક અને ગુણવત્તાયુક્ત કેન્સર કાળજી
સારવાર અને પ્રક્રિયાઓ
મેડિકલ ઓન્કોલોજી કન્સલ્ટેશન
વિવિધ કીમોથેરાપી સારવાર
કેન્સર કીમોથેરાપી પ્રોટોકોલ
વ્યક્તિગત કીમોથેરાપી યોજના
ડે-કેર કીમોથેરાપી સેવાઓ
સહાયક કેન્સર કાળજી
સુવિધાઓ અને સેવાઓ
સમર્પિત ડે-કેર કીમોથેરાપી યુનિટ
ખાનગી અને સેમી-પ્રાઈવેટ રૂમ
ઓન્કોલોજી કન્સલ્ટેશન સેવાઓ
24x7 ઈમરજન્સી સપોર્ટ
દર્દી કાઉન્સેલિંગ
ઈન-હાઉસ ઓન્કોલોજી ફાર્મસી
શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન
Regd. Office: 301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street (Kolbhat Lane),
Chirabazer, Mumbai - 400 002.
સંપર્ક અને સ્થળ
હમણાં જ કોલ કરો : +91 91378 49814
રીટા સાંઘવી : +91 93240 71961
વિરેન સાંઘવી : +91 98216 21457
માતા લક્ષ્મી હોસ્પિટલ
(લાયન તારાચંદ બાપા હોસ્પિટલ એનેક્ષ)
સાયન, મુંબઈ
નિયમો અને શરતો લાગુ. મફત કીમોથેરાપી ફક્ત સારવાર/પ્રક્રિયા ચાર્જ માટે માન્ય છે.
દવાઓ અને વપરાશ સામગ્રીનો ખર્ચ અલગથી લેવામાં આવશે.
કરૂણાભરી કાળજી
કેન્સર સામે મળીને લડીએ
આશા • કાળજી • ઉપચાર
Advt.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ અશ્રુભરી શ્રદ્ધાંજલી

:: જન્મ તારીખ ::
૦૭.૦૨.૧૯૪૫



:: અરિહંત શરણ ::
૧૮.૦૯.૨૦૨૫

## સ્વ. યશોમતીબેન પ્રવીણચંદ્ર ગોપાણી
### બોટાદ નિવાસી, હાલ વિલેપાર્લે

આપની અચાનક વિદાયને આજે એક વર્ષ પુરૂ થયું
છતાં એમ લાગે છે કે આપ અમારી સાથે જ છો.
પળે પળે આપની યાદ આવે છે,
આ સ્મરણો એ જ અમારો શ્વાસ છે.
આપનો નવકારમય આત્મા ભવ ભ્રમણ થી
મુક્ત થઈ મોક્ષસુખ પામો.
એજ પરમ કૃપાળુ પરમાત્માને અંતરથી પ્રાર્થના.

:: પ્રભુ મોક્ષ પ્રદાન કરે ::

❀ પ્રેમાળ સ્મૃતિમાં ❀

પતિ : સ્વ. પ્રવીણચંદ્ર ચુનીલાલ ગોપાણી

પુત્ર : નીલેશ પ્રવીણચંદ્ર ગોપાણી
યોગેશ પ્રવીણચંદ્ર ગોપાણી
પુત્રી : સેજલ પિયુષ વોરા
પૌત્રી : કલ્પી ભવ્ય સંઘવી
પૌત્રી-પૌત્ર : જીલ, માનવ
દોહીત્રી : સલોની જય શાહ
દોહિત્ર : નિસર્ગ

પુત્રવધુ : રૂપા નીલેશ ગોપાણી
અલ્પા યોગેશ ગોપાણી
જમાઈ : પિયુષ લલિતભાઈ વોરા
ભવ્ય સમીરભાઈ સંઘવી
જૈનમ નિખીલભાઈ શાહ
જય અલ્પેશભાઈ શાહ

સમસ્ત સ્વ. ચુનીલાલ સુખલાલ ગોપાણી પરિવાર
સમસ્ત સ્વ. ત્રંબકલાલ હરગોવનદાસ શાહ પરિવાર

Advt.

શ્રી ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલી



જન્મ તારીખ
૩૦.૦૪.૧૯૪૪

અરિહંતશરણ તારીખ
૨૧.૦૯.૨૦૨૫

## શ્રી દિનેશભાઈ શાન્તિલાલ શેઠ

(લીંબડી નિવાસી હાલ અંધેરી, મુંબઈ)

''સહજાનંદી શુધ્ધસ્વરૂપી, અવિનાશી હું આત્મ સ્વરૂપ, દેહ મરે પણ હું નથી મરતો,
અજરઅમર હું આત્મ સ્વરૂપ''

જેમ દીવો પોતાનો પ્રકાશ પાછળ છોડી જાય છે,
તેમ આપના સત્કર્મો અને મધુર સ્મરણોની સુવાસ
અમારા જીવનમાં છોડી ગયા છો
ઘરના આંગણેથી વડલાની છાયા ચાલી ગઈ,
જીવનની સાચી મૂડી અને ઓથ ચાલી ગઈ.
પણ આપનો પ્રેમ અને આશીર્વાદ સદાય અમારી સાથે છે.

''લક્ષ ચોર્યાસી બંધનોને, લક્ષમાં લઈ કાપજો, પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.''
જે જીવ આવ્યો આપ શરણે, ચરણમાં અપનાવજો, પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.''

**સ્વ. શાન્તિલાલ મોહનલાલ શેઠ (પિતાશ્રી) • સ્વ. કાન્તાબેન શાન્તિલાલ શેઠ (માતુશ્રી)**

સ્વ. હિંમતભાઈ મોહનલાલ શેઠ (કાકા)
સ્વ. ચંપકલાલ મોહનલાલ શેઠ (કાકા)
ગં. સ્વ. ભારતીબેન દિનેશભાઈ શેઠ (પત્ની)
અ.સૌ. અમી વેશલકુમાર શાહ (પુત્રી - જમાઈ)
ચંદ્રકાન્તભાઈ - અ.સૌ. કુંદનબેન શેઠ (ભાઈ-ભાભી)

હરસુખભાઈ - અ.સૌ. વર્ષાબેન શેઠ (ભાઈ-ભાભી)
પ્રેયસ - અ.સૌ. દિપાલી શેઠ (ભત્રીજો-ભત્રીજાવહુ)
કુ. મોના ચંદ્રકાન્તભાઈ શેઠ (ભત્રીજી)
અ.સૌ. નેહા કેસી શેઠ - લેબ્લેન્ક (ભત્રીજી-જમાઈ)
નિરલ હરસુખભાઈ શેઠ (ભત્રીજો )

માલવ (પૌત્ર) • દેવીન (પૌત્ર) • ધ્રુવ (દોહિત્ર) • આવ્યા (દોહિત્રી)

**સ્વસુર પક્ષ : સ્વ. તારાબેન નટવરલાલ મલુકચંદ શાહ (સાયલાવાળા) પરિવાર**

Advt.

## પ્રથમ માસિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

**જન્મ: ૧૪/૧૦/૧૯૪૫**



# શ્રી જયસુખ મોતીલાલ અજમેરા

**પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે કે આપનો દિવ્ય આત્મા જ્યાં હોય ત્યાં પરમ શાંતિને પામે.**

## પરિવારજનો

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | - | રંજન જયસુખ અજમેરા |
| પુત્ર-પુત્રવધુ | - | નીરવ - દિવ્યા |
| દીકરી-જમાઈ | - | નેહા - પીયુષ, ધારા - જીગર, સીમા |
| પૌત્ર-પૌત્રી | - | અનાઈશા, વિરાજ, હિલોની, યશ |
| | | તથા સમસ્ત અજમેરા પરિવાર |

**અરિહંત શરણ:**
**૧૬/૦૮/૨૦૨૬**

Advt.

# ભાવભીની સ્મરણાંજલિ



**નાગરદાસ દેવચંદ ટોળીયા–શાહ**
(સ્વર્ગવાસઃ ૨૨.૦૨.૧૯૫૪)



**નીરંજનાબેન રમેશભાઈ ટોળીયા–શાહ**
(સ્વર્ગવાસઃ ૨૦.૦૯.૨૦૧૪)



**ધીરજબેન નાગરદાસ ટોળીયા–શાહ**
(સ્વર્ગવાસઃ ૦૮.૦૮.૧૯૮૬)

હૃદય વિશાળ, મન શાંત સદાકાળ, સૌ માટે અવિરત પ્રેમભાવ સદાકાળ,
પરિચિત કે અપરિચિત સ્મિતથી કરે સત્કાર,
હોય આચરણ ધર્મનું, ભાવ માનવધર્મનો સદાકાળ,
અત્યંત સંવેદનશીલ એવા પરોપકારી, આત્માને પ્રભુ, ચિરશાંતી અર્પે એજ પ્રાર્થના.

**સ્વ. અનીલભાઈ નાગરદાસ ટોળીયા – સ્વ. મધુબેન અનીલભાઈ ટોળીયા**
**ચંદ્રકાંતભાઈ નાગરદાસ ટોળીયા – સ્વ. પ્રવિણાબેન ચંદ્રકાંતભાઈ ટોળીયા**
**સ્વ. જસવંતભાઈ નાગરદાસ ટોળીયા – નીલાક્ષીબેન જસવંતભાઈ ટોળીયા**
**રમેશભાઈ નાગરદાસ ટોળીયા – અનીષ – કેજલ, મેઘના – રીતેશભાઈ**
**રીઆના – આર્યન – વિવાન**
**સ્વ. નરેશભાઈ નાગરદાસ ટોળીયા – ચંદ્રીકાબેન નરેશભાઇ ટોળીયા**
**સ્વ. ધીરજબેન નાગરદાસ ટોળીયા પરિવાર**
**સ્વ. કમળાબેન તારાચંદભાઈ શાહ પરિવાર**

Advt.

॥ જય જિનેન્દ્ર ॥

ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન
વઢવાણ નિવાસી હાંલ મુંબઈ વિલેપાર્લે (ઈસ્ટ)
(પ્રથમ માસિક પુણ્ય તિથિ)



જન્મ
તા. ૨૬-૦૯-૧૯૩૫

મૃત્યુ
તા. ૦૭-૦૮-૨૦૨૬

# સ્વ. મહેન્દ્રભાઈ હિંમતલાલ દોશી

પરિવાર જેમનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેવી ભક્તિ હતી, કર્મ કદી ભૂલ્યા નથી, વ્યવહાર કદી ચુક્યા નથી,
પરિવાર માટે ફૂલ પાથરી ગયા.
એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

## શ્રદ્ધાંજલિના પુષ્પો અર્પણ કરતા પરિવાર

**પત્ની**
શ્રીમતી રશ્મિલાબેન

**પુત્રો**
કેતનભાઈ, આશિષભાઈ

**પુત્રવધુ**
સ્વ. શ્રીમતી મોનાબેન,
પારુલબેન, દીપાબેન

**ભાઈ અને ભાભી**
સ્વ. વિનુભાઈ, સ્વ. કુંદનબેન,
સ્વ. મુકુંદભાઈ, સ્વ. કલાવતીબેન

**બહેન અને બનેવી**
સ્વ. લીલાવતીબેન, સ્વ. દલસુખભાઈ કોઠારી,
સ્વ. ગુણવંતીબેન, સ્વ. વિનુભાઈ શાહ

**પૌત્રી**
ફોરમ દીપલ વોરા, વિધિ સિદ્ધાર્થ વોરા,
શ્રદ્ધા રાજ ગાંધી, પૂજા જેનિલ જવેરી

**જમાઈ**
સ્વ. નાગરદાસ ભગવાનદાસ તુવાવાળા

**પ્રપૌત્ર**
યુવાન દીપલ વોરા

MUKUND BEARINGS | ASHISH ENTERPRISES

Advt.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.
૭૨૦૮૪૭૨૮૮૪

## દિવાળી વેકેશન - લોનાવલા, પંચગીની, દેવલાલી

**માત્ર સંસ્થાના સભ્યો માટે**

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા**

**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ આરોગ્યધામ, લોનાવલા**

ઓલ્ડ મુંબઈ - પુના રોડ, હરિ ઈન્ટરનેશનલ હૉટલ સામે, લોનાવલા - ૪૧૦ ૪૦૧. Mobile : 9004578041

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

**શ્રીમતી ઈન્દુમતીબેન ધીરજલાલ છોટાલાલ શાહ આરોગ્યધામ - પંચગીની**

ખીનગર રોડ, ભારતીય વિદ્યાપીઠ સામે, પંચગીની, જિલ્લો : સતારા. Mobile : 9004578042

**શ્રી સી.યુ. શાહ આરોગ્યધામ - દેવલાલી**

દુરઝાડ માલા રોડ, કોરલ ગાર્ડન પાસે, ઓફ-લામ રોડ, દેવલાલી, જિલ્લો - નાસિક પીન-૪૨૨ ૪૦૧. Mobile : 9004578052

- ઉપર મુજબ ત્રણેય આરોગ્યધામના દિવાળી વેકેશન માટે લક્કી ડ્રો કરવામાં આવશે. શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા - મુંબઈ તથા સુરેન્દ્રનગર સંસ્થાના મેમ્બરો માટે અરજી ફોર્મ સ્વીકારવાની તા. ૦૫-૧૦-૨૦૨૬ થી ૧૦-૧૦-૨૦૨૬. (રવિવાર તથા રજાના દિવસો શિવાય)
- **લક્કી ડ્રો માટે બુકિંગ**
  દિવસ - ૩ : શુક્રવાર થી રવિવાર તા. ૦૬-૧૧-૨૦૨૬ થી ૦૮-૧૧-૨૦૨૬
  દિવસ - ૪ : સોમવાર થી ગુરૂવાર તા. ૦૯-૧૧-૨૦૨૬ થી ૧૨-૧૧-૨૦૨૬
- **લક્કી ડ્રો તા. ૧૩-૧૦-૨૦૨૬ ના રોજ સાંજે ૫ કલાકે સભાની મુંબઈ ઓફિસે કરવામાં આવશે.**
- આરોગ્યધામના દાતાઓએ ડોનર્સ રાઈટ ક્વોટા બુકિંગ માટે ઉપર મુજબની તારીખે અરજી કરવા વિનંતી. 33% થી વધારે અરજી આવશે તો ડોનર ક્વોટાની અરજીનો લક્કી ડ્રો કરવામા આવશે.
- લક્કી ડ્રોમાં જેમને રૂમ એલોટ થઈ હશે તેમને જાણ કરવામાં આવશે અને મોકલાવેલ બેંક Detailsમાં બુકિંગની રકમ ત્રણ દિવસમાં જમા કરાવવાની રહેશે. રકમની Transaction id તથા Bank નો Debit થયાનો Screen Shot મોકલવો જરૂરી છે. જો આપના તરફથી આ રકમ જમા નહી થાય તો બીજા સભ્યને આ રૂમનું Allotment થઈ જશે તેની ખાસ નોંધ લેવી. રકમ આવ્યા બાદ આપને રસીદ email થી મોકલવામાં આવશે.
- સંસ્થાના ફોર્મ પર જ અરજી કરવાની રહેશે. ફોર્મ પાના નં. ૩૪ પર છાપેલ છે.

**શ્રી સી.યુ. શાહ અતિથિ ભવન - સુરેન્દ્રનગર**

'મહાવિરાલય' બીજે માળે, કમળ મંદિર પાસે, (ઘર હો તો એસા) સુરેન્દ્રનગર ૩૬૩૦૦૨. મો. ૯૦૯૯૩૫૦૬૪૪/ ૯૪૨૬૭૫૬૧૦૦

**સુરેન્દ્રનગર અતિથિ ભવન માટે લક્કી ડ્રો માં બુકિંગની જરૂર નથી, Booking Online કરવુ.**

**શ્રીમતી હંસાબેન આશકરણભાઈ શાંતિલાલ શાહ આરોગ્યધામ - માથેરાન**

**માથેરાન આરોગ્યધામ માટે લકી ડ્રો મા બુકિંગની જરૂર નથી. બુકીંગ ઓનલાઈન કરવુ.**

અશોકા હોટલની બાજુમાં તા. કરજત, જિલ્લો -રાયગડ, માથેરાન પીન - ૪૧૦ ૨૦૧

**નોંધ : ૭ દિવસ માટે અલગ-અલગ ૪ દિવસ તથા ૩ દિવસ ૨ ફૉર્મ ભરવા કોઈપણ મેમ્બર ફક્ત એકજ સેનેટોરિયમમાં અરજી કરી શકશે.**
**Rate Card Website zalawadi.com પર ઉપલબ્ધ છે.**

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.

સંચાલિત

**લોનાવલા - પંચગીની - દેવલાલી સેનેટોરિયમના દિવાળી વેકેશન માટે અરજી ફોર્મ**

(કોઈપણ એક સેનેટોરિયમ માટે ફૉર્મ ભરવું)

આપને જે સેનેટોરિયમનું બુકિંગ કરાવવું છે તે નામ આ બૉક્સમાં લખવું. રૂમ ટાઈપ કુલ રૂમ

**ફક્ત કાર્યાલયે ભરવાની વિગત**

રજાચિઠ્ઠી નં. ____ તારીખ____ રૂા. ____ મંજૂર / નામંજૂર

તારીખ ____ થી તારીખ____ સુધી, કુલ દિવસ ____ રૂમ નંબર :

રિમાર્ક ____ સભ્ય નંબર ____ કુલ રૂમ :

(અધૂરી વિગત સાથેનું અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.)

૧. રહેવા જનાર મુખ્ય વ્યક્તિનું નામ ____ ઉંમર ____

૨. ઘરનું પૂરું સરનામું ____

____

____ Whatsup મોબાઈલ નં. ____

ઈ-મેલ : ____ મોબાઈલ નં. ____

૩. મૂળ વતન ____ તાલુકો ____ જીલ્લો ____

૪. ઝાલાવાડી સભાના સભ્ય હો તો ક્યા નામથી ? ____ LM/YM No. ____

સભ્યપદની લવાજમ ભર્યાની (છેલ્લી) રસીદની ઝેરોક્ષ આ અરજી ફોર્મ સાથે મોકલવી જરૂરી છે./ Life મેમ્બર હોય તો કાર્ડની ઝેરોક્સ કૉપી સબમીટ કરવી.

૫. રહેવા જનારની સંસ્થાના સભ્ય સાથે સગાઈ ____

૬. આરોગ્યધામ કઈ તારીખથી કઈ તારીખ સુધી જોઈએ છે ? તા. ૦૬.૧૧.૨૦૨૬ થી તા. ૦૮.૧૧.૨૦૨૬ *અથવા* તા.૦૯.૧૧.૨૦૨૬થી તા. ૧૨.૧૧.૨૦૨૬

સેનેટોરિયમ બુકિંગ : સોમવારથી ગુરૂવાર (ચાર દિવસ) શુક્રવાર થી રવિવાર (ત્રણ દિવસ) જે તારીખનું બુકીંગ જોઈતુ હોય તે તારીખ લખવી.

(અ) તારીખ ____ થી તારીખ ____ સુધી, કુલ દિવસ ____

નીચેના નામની પૂરી વિગત અરજદારે લખવી ફરજિયાત છે. સેનેટોરિયમમાં રહેવા માટેની અરજી કરનારનું નામ, રહેવા જનારના નામો, ઉંમર અને અરજી કરનાર સભ્ય સાથેનું સગપણ (સગાઈ) પૂરી વિગત સાથે લખવું જરૂરી છે.

| ક્રમ | મુખ્ય અરજી કરનાર તથા રહેવા જનારના નામો | ઉંમર | મુખ્ય અરજદારની સાથેની સગાઈ | મેમ્બરશિપ નંબર/ ગેસ્ટ / ડોનર ગેસ્ટ | રહેઠાણ અને પરાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |
| ૬ | | | | | |
| ૭ | | | | | |
| ૮ | | | | | |

આપ આપનું તેમ જ જો એકથી વધારે રૂમ હોય તો દરેક રૂમમાં રહેનાર મુખ્ય વ્યક્તિનું ફોટો આઈ કાર્ડ સાથે લેવાનું ભૂલશો નહી...

સેનેટોરિયમના નિયમો સંપૂર્ણપણે મને તથા મારી સાથે આવનારને કબૂલ મંજૂર છે અને તે નિયમોનો અમલ કરવા અમો બંધાયેલ છીએ.

મેમ્બરની રસીદ તથા મેમ્બરનું કાર્ડ સેનેટોરિયમમા લઈ જવું જરૂરી છે. ૨ સેનેટોરિયમ અથવા ૩ સેનેટોરિયમમાં અરજી કરશો તો ફૉર્મ કેન્સલ થશે તેની નોંધ લેવા વિનંતી

પૂરું નામ ____ સહી ____

તારીખ : ____ મોબાઈલ નં. :____

# સંસ્થા સમાચાર

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ, મલાડ તા. ૨ -૦૮-૨૬**

સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય મળી રહે, કોઈપણ પ્રતિભાશાળી વિદ્યાર્થી માત્ર આર્થિક સંજોગોના કારણે, શૈક્ષણિક સપનાઓથી વંચિત ન રહે, તેવા ઉમદા અને સેવાભાવી હેતુ સાથે શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ, મલાડ દ્વારા શરૂ કરવામાં આવેલી ''શ્રી વિદ્યાર્થી એજ્યુકેશન લોન યોજના'' નો ભવ્ય લોકાર્પણ સમારોહ ઉત્સાહ, ઉમંગ અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક યોજાયો.

આ સમગ્ર કાર્યક્રમ લોકાર્પણ પૂરતો મર્યાદિત ન રહેતા, શિક્ષણ દ્વારા સમાજની આવનારી પેઢીને સશક્ત બનાવવાના સંકલ્પનો ઉત્સવ બની રહ્યો હતો.

આ લોકાર્પણ સમારોહમાં શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, મુંબઈના પ્રમુખ શ્રી પંકજભાઈ સંઘવી વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી પંકજભાઈ સંઘવીએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી યોજનાને શુભેચ્છા પાઠવી હતી તેમજ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આવી સેવાકીય પ્રવૃત્તિઓના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. સેવાકીય યોજના માત્ર વિચારથી સાકાર થતી નથી. તેની પાછળ જરૂરી હોય છે વિશ્વાસ, સમર્પણ અને સહયોગ.

સમગ્ર કાર્યક્રમને સુંદર રીતે સંચાલિત કરીને જીવંત બનાવવામાં સંધ્યાબેનની ભૂમિકા પણ નોંધપાત્ર રહી હતી.

તેમના આત્મવિશ્વાસપૂર્ણ અને સુંદર મંચ સંચાલનથી કાર્યક્રમનું વાતાવરણ સતત ઉર્જાવાન અને સુવ્યવસ્થિત રહ્યું હતું.

પ્રસંગને અનુરૂપ શબ્દોની પસંદગી, મહેમાનોનું સન્માન અને કાર્યક્રમની વિવિધ કડીઓને સુંદર રીતે જોડવાની તેમની કુશળતાએ સમારોહને વધુ યાદગાર બનાવ્યો.

આજના સમયમાં શિક્ષણ માત્ર વ્યક્તિના વિકાસ માટેનું સાધન નથી, પરંતુ સમગ્ર સમાજના વિકાસનું મુખ્ય માધ્યમ છે.

ઉચ્ચ શિક્ષણ મેળવવાની ઈચ્છા ધરાવતા અનેક વિદ્યાર્થીઓમાં પ્રતિભા અને મહેનત હોવા છતાં આર્થિક પરિસ્થિતિ ક્યારેક તેમના માર્ગમાં અવરોધ બની જાય છે.

આવા સંજોગોમાં ''શ્રી વિદ્યાર્થી એજ્યુકેશન લોન યોજના'' જેવી પહેલ વિદ્યાર્થીઓને આર્થિક સહાય સાથે આત્મવિશ્વાસ પણ આપશે.

આ યોજના પાછળનો મૂળ સંદેશ ખૂબ જ સ્પષ્ટ છે - ''વિદ્યાર્થીનું સ્વપ્ન અધૂરું ન રહે, આર્થિક અડચણ શિક્ષણના માર્ગમાં અવરોધ ન બને.''

આ વિચારને કેન્દ્રમાં રાખીને શરૂ થયેલી આ યોજના આવનારી પેઢી માટે લાંબા ગાળે ઉપયોગી સાબિત થાય તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

લોકાર્પણ સમારોહ દરમિયાન એક ભાવના વારંવાર પ્રગટ થઈ - આ તો માત્ર શરૂઆત છે.

આજે એક નાનું બીજ વાવવામાં આવ્યું છે. આવનારા વર્ષોમાં આ યોજના અનેક વિદ્યાર્થીઓ સુધી પહોંચે, અનેક પરિવારોને શિક્ષણ માટે સહારો મળે અને અનેક યુવાનો પોતાના સપનાઓને સાકાર કરી શકે - તે જ આ સેવાયાત્રાનો સાચો હેતુ છે.

એક વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ મેળવી સફળ બને છે ત્યારે તેની સફળતા માત્ર તેની પોતાની રહેતી નથી. તે તેના પરિવારને પ્રેરણા આપે છે, સમાજને નવી દિશા આપે છે અને આવનારી પેઢીને વધુ મોટા સપનાઓ જોવાની હિંમત આપે છે.

આથી ''શ્રી વિદ્યાર્થી એજ્યુકેશન લોન યોજના'' એક નાણાકીય સહાય યોજના કરતાં પણ વિશાળ - એક સામાજિક અને શૈક્ષણિક પરિવર્તનની પહેલ તરીકે જોઈ શકાય છે.

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ, મલાડ દ્વારા સતત સમાજાહિતને કેન્દ્રમાં રાખીને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

''શ્રી વિદ્યાર્થી એજ્યુકેશન લોન યોજના'' આ સેવાયાત્રામાં એક મહત્વપૂર્ણ અને દિશાદર્શક અધ્યાય બની છે.

આ યોજના સફળતાપૂર્વક આગળ વધે અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ સુધી તેનો લાભ પહોંચે તે માટે સમાજના દરેક સભ્યનો સહયોગ આવશ્યક રહેશે.

આ ઐતિહાસિક અને ભવ્ય લોકાર્પણ સમારોહને સફળ બનાવવા માટે માર્ગદર્શન અને આશીર્વાદ આપનાર શ્રી પંકજભાઈ સંઘવી, આ યોજનાને સાકાર કરવા માટે સતત પ્રયત્નશીલ રહેલા શ્રી અશોકભાઈ કામદાર અને શ્રી શૈલેષભાઈ શાહ, તમામ દાતાશ્રી પરિવારો, શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાના તમામ હોદ્દેદારો તથા ટીમો, આગેવાનો, મહેમાનો, કાર્યકર્તાઓ, સંધ્યાબેન અને ઉપસ્થિત રહેલા દરેક સમાજબંધુનો શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે.

આપ સૌનો પ્રેમ, વિશ્વાસ, સહયોગ અને આશીર્વાદ જ આ સેવાયાત્રાની સાચી શક્તિ છે.

''એક સ્વપ્ન સાકાર થયું છે... હવે અનેક સપનાઓને સાકાર કરવાનો સંકલ્પ છે.''

❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા-મુંબઈ

સંચાલિત

**શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય**

**શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન**

**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ - અતિથિ ભવન - નાલાસોપારા**

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા સંચાલિત શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય (નાલાસોપારા) લીંબડી ગોપાલ સંપ્રદાયના ભોળિયાનાથ ભગવાનના સુશિષ્ય, ઉપયોગ સમ્રાટ, અખંડ ગુરુ ભક્ત પરમ પૂજ્ય રામઉત્તમ સદગુરૂદેવના આજ્ઞાનુવર્તી વિદુષી પરમ પૂજ્ય લીલાવંતીજી મહાસતીજીના શિષ્યા :- પરમ પૂજ્ય અભિષાજી મહાસતીજી ,પરમ પૂજ્ય પૂજાજી મહાસતીજીની નિશ્રામાં ઉત્કૃષ્ટ ભાવે જપ,તપ, આરાધના,સ્વાધ્યાય, થી ચાતુર્માસ પસાર થઈ રહ્યું છે.

**નાલાસોપારા ઉપાશ્રય ચાતુર્માસ ધર્મ સ્તંભ ના નામ**

૧૧૦૦૦/- શ્રી પરેશભાઈ ભગવાનલાલ શાહ, વઢવાણશહેર હાલ કાંદિવલી

૧૧૦૦૦/- શ્રી સુરેશભાઈ તુરખીયા એસ કે રીસોર્ટ બોરીવલી.

પરમ પૂજ્ય સતીજીઓના ચાતુર્માસ પ્રવેશ પછી જપ, તપ, સ્વાધ્યાય ની આરાધના તારીખ ૨૭ જુલાઈ ૨૦૨૬ થી પ્રારંભ થયો હતો . લીંબડી ગોપાલ સંપ્રદાયના પરમ પૂજ્ય કુસુમજી મહાસતીજીની પુણ્યતિથિ નિમિત્તે તપ, અનુષ્ઠાન અને વ્યાખ્યાનનો પ્રારંભ થયો હતો. પૂજ્ય સતીજીની પુણ્યતિથિ નિમિત્તે (૧) પોલો અઠ્ઠમ(૨) છઠ્ઠ અને (૩) ત્રણ એકાસણાના,અનુષ્ઠાનની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં ૩૩ ભાવિકો જોડાયા હતા. ચાતુર્માસ દરમ્યાન નિત્ય અનુષ્ઠાનમાં,

પ્રાર્થના :-સવારે ૯ થી ૯:૩૦

વ્યાખ્યાન :- સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ અને જાપ:- સવારે ૧૦ ૩૦ થી ૧૧:૩૦ કરવામાં આવે છે, અને તે દરમિયાન ત્રીરંગી પણ કરવામાં આવે છે, જેમાં દરરોજ ૪૦ થી ૫૦ શ્રાવક, શ્રાવીકાઓ જોડાઈને ધર્મ અનુષ્ઠાનનો લાભ લઈ રહ્યા છે.

પૂજ્ય બંને સતી જીઓ, વ્યાખ્યાન દરમ્યાન, શ્રેણીક રાજા અંજનાસતી અને શંખપોખલી શ્રાવકના અધિકાર દ્વારા સુંદર રીતે અધ્યાત્મભાવોનું વર્ણન કરી રહ્યા છે.

ગુરુપૂર્ણિમાના દિવસે પૂજ્ય સતીજીઓ એ, ગુરુદેવનું મહત્વ સમજાવતું, ભાવવાહી પ્રવચન આપ્યું હતું. આ ઉપરાંત વ્યાખ્યાનમાં આવેલા ભક્તોમાંથી, શ્રાવક શ્રાવિકાઓએ, ગુરુભક્તિ ના ગીત તથા ગુરુ વિશે પોતાના વક્તવ્ય આપ્યા હતા.

